જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૭-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કર્ણાટકમાં રાજકીય કટોકટી : કોંગીના પાંચ સભ્યો છેડો ફાડી શકે

જેડીએસ અને કોંગ્રેસના ધારાસભ્યોને તરફેણમાં કરવા ભાજપ સક્રિય : કર્ણાટકમાં બહુમતિ માટે ૧૧૩ સભ્યોની જરૂર છે જ્યારે કોંગ્રેસ-જેડીએસની પાસે હાલમાં ૧૧૬ સભ્યો : બે અપક્ષોના રાજીનામા બાદથી રાજકીય ગરમી

નવી દિલ્હી

કર્ણાટકમાં રાજકીય કટોકટી ગંભીર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. મંગળવારના દિવસે બે અપક્ષ ધારાસભ્યોએ જેડીએસ-કોંગ્રેસ ગઠબંધન સરકારને સમર્થન પરત ખેંચી લેતા રાજકીય ગરમી વધી ગઈ છે. બીજી બાજુ એમ પણ માનવામાં આવી રહ્યું છે કે, અપક્ષો બાદ કોંગ્રેસના અન્ય કેટલાક ધારાસભ્યો પણ છાવણી બદલવાની તૈયારીમાં દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના ઓછામાં ઓછા પાંચ ધારાસભ્યો રાજીનામુ આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસે પોત પોતાની છાવણીમાંથી સભ્યોને રોકવા માટે તમામ પ્રયાસો જારી રાખ્યા છે. યેદ્દીયુરપ્પાના આંતરિક વર્તુળોમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી પહેલાથી જ કોંગ્રેસના ૧૨ ધારાસભ્યોના સંપર્કમાં છે અને તે ચારથી પાંચ અન્ય ધારાસભ્યોના ટેકાની રાહ જોઈ રહી છે. આ વખતે ચોક્કસપણે સારા પરિણામ મળશે. આવી સ્થિતિમાં ભાજપ ચોક્કસપણે કર્ણાટકમાં નવી સરકાર બનાવી લેવામાં અથવા તો લોકસભાની સાથે સાથે રાજ્યવિધાનસભાની ચૂંટણી મધ્યસત્રમાં યોજવા માટે ફરજ પાડશે. કુમારસ્વામીએ કહ્યું છે કે, પાર્ટી મજબૂતી સાથે આગળ વધી રહી છે. કર્ણાટક સંકટ વચ્ચે એકબાજુ મુખ્યમંત્રી કુમારસ્વામીએ ભાજપના ધારાસભ્યોની ખરીદી વેચાણની પ્રક્રિયાને લઈને આક્ષેપોને રદિયો આપ્યો છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શિવકુમારે કહ્યું છે કે, સરકાર સામે કોઈ ખતરો નથી. કોંગ્રેસી નેતા અને રાજ્યના કેબિનેટ મંત્રી ઝમીર અહેમદે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું છે કે, તેમની પાર્ટીના કોઈ ધારાસભ્ય અન્ય પાર્ટીમાં જશે નહીં. પાર્ટીના ચારથી પાંચ ધારાસભ્ય મુંબઈમાં છે. તેમને ખરીદવાના પ્રયાસ થશે તો અમે શાંત રહીશું નથી. ભાજપને ચારથી પાંચ ધારાસભ્યોનુંસમર્થન મળી શકે છે. કોંગ્રેસ અને ભાજપના ટોપના નેતાઓ પોતાના સભ્યોને રોકવા માટે તમામ પ્રકારના પ્રયાસ કરી રહ્યા છે. જો કે બંને પાર્ટીમાં ભંગાણની શક્યતા છે. કર્ણાટક વિધાનસભામાં કટોકટીને લઈને તમામ પાર્ટીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. એકબાજુ ભાજપના ધારાસભ્ય હરિયાણાના ગુરુગ્રામમાં રોકાયેલા છે જ્યારે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને મુંબઈ લઈને પહોંચી ચુકી છે. આ રીતે કર્ણાટકના રાજકીય નાટકમાં વળાંક આવી રહ્યા છે. ભાજપ દ્વારા કુમારસ્વામી સરકારને ગબડાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ એવી અટકળો પણ છે કે, જેડીએસના કેટલાક ધારાસભ્યોને પોતાની તરફેણમાં કરવા કોંગ્રેસ અને જેડીએસના લોકો પણ પ્રયાસમાં છે. સરકાર બની શકે તે માટે પ્રયાસ ભાજપ દ્વારા પણ થઈ રહ્યા છે. કોંગ્રેસ અને જેડીએસના કેટલાક સભ્યોને પોતાની તરફેણમાં કરવા ભાજપના પ્રયાસ ચાલી રહ્યા છે. કર્ણાટકમાં વર્તમાન રાજકીય ગણિત ખુબ રોચક છે. બહુમતિ માટે ૧૧૩ સભ્યોની જરૂર છે. કોંગ્રેસ અને જેડીએસની પાસે કુલ ૧૧૬ સભ્યો છે. વિધાનસભામાં કુલ ૨૨૪ સભ્યો છે.

આજે પીએમ મોદીનાં હસ્તે સરદાર પટેલ હોસ્પિટલનું લોકાર્પણ

આજથી પીએમ મોદી ગુજરાતના મહેમાન બનશેઃ કાલે વાયબ્રન્ટ સમિટીનું ઉદ્ઘાટન કરશે

અમદાવાદ

ગુજરાતને આજે અમદાવાદ ખાતે મ્યુનિ. દ્વારા રૂ. ૭૫૦ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની અદ્યતન સુવિધાથી સજ્જ સરદાર પટેલ હોસ્પિટલ પ્રાપ્ત થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થવાનું છે તેવી આ ૧૮ માળની સૌથી ઉંચી હોસ્પિટલની વિશેષતા એ છે કે ૧૮મા માળના ટેરેસ ઉપર પબ્લીક હોસ્પિટલમાં પહેલી વખત એર એમ્બ્યુલન્સની સુવિધા મળનાર છે. ઈમરજન્સીમાં દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડતી વખતે હેલિકોપ્ટર ઉતરે ત્યારે બિલ્ડીંગમાં જરા સરખો પણ જર્ક આવે નહીં તે પ્રકારનું બાંધકામ અને આર્કિટેક્ચરલ વર્ક કરવામાં આવ્યું છે.

આજે તા.૧૭મીએ બપોરે બે વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરશે. ત્યાંથી હેલીકોપ્ટર મારફતે ગાંધીનગર સચિવાલય ખાતે આવેલા હેલિપેડ પર ઉતરાણ કરશે. ૨.૩૦ કલાકે હેલિપેડ ખાતે યોજાઈ રહેલા ગ્લોબલ ટ્રેડ-શોનું ઉદ્ઘાટન કરશે. આ ગ્લોબલ ટ્રેડ-શોમાં ૧૨૦૦ જેટલા વિવિક એક્ઝિબીટરો પોતાની પ્રોડકટ લઈને આવ્યા છે. ત્યારબાદ હેલિકોપ્ટર મારફતે મહાત્મા મંદિર ખાતે આવશે. રાત્રી રોકાણ રાજભવન કરશે.

તા.૧૮મીએ સવારે ૧૦ વાગ્યે મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯નો પ્રારંભ કરાવશે. જેમાં દેશ-વિદેશની ૧૫૦૦૦થી બ્રાન્ડ એક જ જગ્યાએ ઉપલબ્ધ બનશે. આ શોપિંગ ફેસ્ટિવલ ૨૭જાન્યુઆરી સુધી ચાલશે. સાંજે ૭-૩૦ વાગ્યે મહાત્મા મંદિર આવશે. રાત્રી રોકાણ રાજભવન કરશે.

૨૪ લીફ્ટ એલિવેટર્સ, ૬૦૦ સીસીટીવી કેમેરા, ૧૫૦૦ બેડની ક્ષમતા,રૂ. ૭૫૦ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલ, એર એમ્બ્યુલન્સની સુવિધાથી સજ્જ હોસ્પિટલ

બપોરે ૩ વાગ્યે ટ્રેડ શોથી અમદાવાદની નવી વી.એસ.હોસ્પિટલનું ઉદ્ઘાટન ૪ વાગ્યે કરશે અને વી.એસ.હોસ્પિટલની સુવિધાની સાથે હોસ્પિટલ સત્તાધીશો સાથે બેઠક કરશે. સાંજે ૬-૩૦ વાગ્યે રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે યોજાઈ રહેલા શોપિંગ મેલાનો પ્રારંભ કરાવશે. જેમાં દેશ-વિદેશની ૧૫૦૦૦થી બ્રાન્ડ એક જ જગ્યાએ ઉપલબ્ધ બનશે. આ શોપિંગ ફેસ્ટિવલ ૨૭જાન્યુઆરી સુધી ચાલશે. સાંજે ૭-૩૦ વાગ્યે મહાત્મા મંદિર આવશે. રાત્રી રોકાણ રાજભવન કરશે.

તા.૧૯મીએ સવારે ૧૦ વાગ્યે મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯નો પ્રારંભ કરાવશે. આ ઉદ્ઘાટન સમારોહમાં ડાયસ પર ૧૨૫ મહાનુભાવોની બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં દેશના ઉદ્યોગપતિઓ, રાજનીતિજ્ઞો અને વિદેશના મહેમાનોને સ્થાન આપવામાં આવ્યું છે. આ ૧૨૫ જેટલા વી.વી.આઈ.પી.ની વિશેષ સરભરા કરવામાં આવનાર છે. તા.૧૮મીએ સાંજે વિદેશી મહાનુભાવો સાથે વન-ટૂ-વન મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આફ્રિકા-ડેની ઉજવણીના ભાગરૂપે ખાસ કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા છે.

મહાત્મા મંદિર ખાતે ૧૫ જેટલા કન્ટ્રી સેમિનારનું આયોજન થયું છે. ઉપરાંત તા.૧૮મીએ સવારથી રાત્રી સુધી મહાત્મા મંદિર ખાતે ભરચક કાર્યક્રમનું આયોજન છે. જેમાં સૌથી મહત્વના કહી શકાય તેવી બેઠકમાં આંતરરાષ્ટ્રીય ફંડના મહાનુભાવો સાથે બેઠક સાંજે ૭-૩૦થી ૮-૩૦ વાગ્યા સુધી ગાલા ડિનરનું આયોજન છે. ૮-૪૫થી રાજભવન ખાતે રાજકીય આગેવાનો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૯મીએ સવારે રાજભવન ખાતે વિવિધ આગેવાનો સાથે બેઠકનું આયોજન છે. સવારે ૧૧ વાગ્યે અમદાવાદ જવા રવાના થશે. ૧૧-૩૦ વાગ્યે અમદાવાદથી સુરત એરપોર્ટ જશે. સુરતથી હેલિકોપ્ટર મારફતે સેલવાસ જવા રવાના થશે.

હોસ્પિટલની વિશેષતાઃ દર્દીને બેડ સાથ ફેરવી શકાય તેવી ૨૦ હાઈસ્પીડ લીફ્ટ, ૧૮ માળ સુધી બે રેમ્પ, ૮ સીડીઓ, ૨૪ લીફ્ટ એલિવેટર્સ, ૩૨ ઓપરેશન થિયેટર્સ, ૨૨૦૦૦ ઉચ્ચકક્ષાના લાઈટ ફીક્ચર્સ, ૧૪૦૦ કિ.મી. વાયરોનો વપરાશ, ૬૦૦૦ નેટવર્ક પોઈન્ટ, ૬૦૦સીસીટીવી કેમેરા, ૨૦૦૦ ટન ક્ષમતાનો એસી પ્લાન્ટ, ૧૫૦૦ બેડની ક્ષમતા, ૧૩૯ આઈસીયુ બેડ, ૨૨ વિભાગો, ૯૦ ઓપીડી કન્સલ્ટેશન રૂમ્સ, ૯કિ.મી. લાંબુ ફાયરવર્ક, ફી વાઈફાય, ૨ બેઝમેન્ટ, ૭૮ મીટર બિલ્ડીંગની હાઈટ, ૫૫૦ રેસી. ડોક્ટરોના ક્વાર્ટર્સ, બાજુમાં ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, બ્રિ-પેઈડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મુડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- ફેનના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક ધોરણે તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૨૫% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330

3 સાડી બ્લાઉઝની ક્લાઉડ સાથે ₹450

3 કોટન ક્રેપ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને માતું સહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, થોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનાજોગ વિશે જાગૃતિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જાણ કરવી. સાચી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને અપાવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃતિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજનાં ભાણકારા અને વિઘટનેલુપ્તની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ સુરક્ષાની જાગવણી અને પર્યાવરણની જાળવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

માત્ર ૫૫૦/-માં PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

(PLAN - A)

(PLAN - B)

માત્ર ૩૦૦૦/-માં PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

કબુતર, રાષ્ટ્રીય પક્ષી મોર, કુંજ, બગલુ, સમળી સહિતના પક્ષીઓની સારવાર કરવામાં આવી





ઉત્તરાયણના તહેવાર દરમ્યાન અનેક પક્ષીઓ પતંગ દોરીમાં ફસાઈને ઘાયલ થાય છે અને જો પક્ષીઓને તાત્કાલીક જરૂરી સારવાર આપવામાં ન આવે તો ઘાયલ પક્ષીનું મૃત્યુ પણ થઈ શકે છે. વિરમગામ શહેર સહિત પંથકમાં ઉતરાયણના તહેવાર દરમ્યાન પતંગની દોરીથી, તેમજ વીજ કરંટથી ઘાયલ થયેલા પક્ષીઓ ને સારવાર આપવા માટે વિરમગામ ગૌરક્ષા દળ અને શ્રી શાંતીનાથ જૈન મિત્રમંડળ દ્વારા પક્ષી બચાવો જીવદયા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

વિરમગામમાં જીવદયા પ્રેમીઓ દ્વારા આગામી ૧૪ અને ૧૫ જાન્યુઆરી (ઉતરાયણ અને વાસી ઉતરાયણ)ના દિવસે ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે હેલ્પલાઈન સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. વિરમગામમાં (૧) શાંતિનાથ દેરાસર પાસે (૨) ખોડીયાર મંદિર, મુનસર રોડ પાસે ઘાયલ પક્ષીઓ (૩) ગોલવાડી દરવાજા માટે સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જેમા બે દિવસમાં કુલ ૩૦ ઘાયલ પક્ષીઓની સારવાર આપવામાં આવી હતી જેમા ૨ રાષ્ટ્રીય પક્ષી મોર, ૨૫થી વુધ કબુતરો, ૧ કુંજ, ૧ સમળી , ૧ બગલા સહિતના પક્ષીઓની સારવાર કરાઇ હતી. અને સારવાર આપી પક્ષીઓ ને વિરમગામ પાંજરાપોળ મૂકવામા આવ્યાં હતાં. ઘાયલ પક્ષીઓને સારવાર અપાવવા માટે પશુચિકિત્સક ડો.હર્ષદ પ્રજાપતી, પ્રવિણભાઇ શાહ, પીયૂષ ગજ્જર, વિપુલભાઇ ગાંધી, નગીનભાઈ દલવાડી, બિરજુ ગુમા, કિરણ સોલંકી, દશરથ ઠાકોર, રશ્મિન દરજી, ધર્મેશ શ્રીમાળી, સહિતના જીવદયા પ્રેમીઓ સારવાર આપવામાં આવી રહી છે. અને સેવા કાર્યમાં જહેમત ઉઠાવી હતી.

ઉના તાલુકાની આશાબહેનોએ બેટી બચાવો થીમ ઉપર નાટક રજુ કર્યું

ગીર-સોમનાથ: વેરાવળ ખાતે ગીર-સોમનાથ જિલ્લાકક્ષાનાં આશા સંમેલનમાં ઉના હેલ્થ ઓફીસનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ બેટી બચાવોની થીમ ઉપર ઉના તાલુકાની આશાબહેનોએ નાટક રજુ કર્યું હતું. લત્તા મંગેશકર, મધર ટેરેસા, કલ્પના ચાવડા અને સાનિયા મિરજા સહિત ભારતીય નારીઓએ તેમના ક્ષેત્રમાં મેળવેલી સફળતાના ઉદાહરણ આપી બેટી બચાવો અંગેનો સંદેશ આપ્યો હતો.

આ નાટકમાં નિમુબેન મારુ, હંસાબેન બોરિચા, ગીતાબેન બાંભણીયા, સગુનાબેન જાદવ, કંચનબેન ચૌહાણ, ભારતીબેન રામ, જાગૃતિબેન મકવાણા અને ધનુબા જાડેજાને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આજોઠા ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ૨૮૪૧ પ્રશ્નો ઉકેલાયા

ગીર સોમનાથ : વેરાવળ તાલુકાના આજોઠા ગામે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં ૨૮૪૧ વ્યક્તિલક્ષી પ્રશ્નો ઉકેલાયા હતા. જેમાં રાશન કાર્ડમાં સુધારો-વધારો-૧૨૦૧, માં અમૃત્તમકાર્ડની અરજીઓ-૨૩૦, બાળકોના આધારકાર્ડ-૧૬૨, આવકના દાખલા-૧૧૧ અને જન્મ-મરણ પ્રમાણપત્ર-૪૭ સહિત લોકોના વ્યક્તિલક્ષી પ્રશ્નો સ્થળ પર ઉકેલવામાં આવ્યા હતા. આ સેવાસેતુમાં મામલતદાર દેવકુમાર આંબલીયા અને સબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહી લોકોના પ્રશ્નોનો ઉકેલવામા સહભાગી થયા હતા.

ગીર સોમનાથ જિલ્લાનાં ગોલ્ડ મેડલ વિજેતા અને રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લીધેલ ખેલાડીઓનું ૨૬ જાન્યુ.ના રોજ સન્માન કરાશે

ગીર-સોમનાથ: જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ગીર-સોમનાથ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે સારૂ જે ખેલાડીઓએ વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમાં રમત ગમત ક્ષેત્રે રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ તથા રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ હોય તેવા ખેલાડીઓને જિલ્લા કક્ષાના ૨૬ મી જાન્યુઆરીના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે. જેથી આવા ખેલાડીઓએ પોતાની અરજી તથા પ્રમાણપત્ર તા.૨૦-૦૧-૨૦૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા સેવા સદન રૂમ નં ૩૧૩/૩૧૪, બીજો માળ, ઈણાજ તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ ખાતે મોકલી આપવા. જે ખેલાડીઓએ તા.૨૦-૦૧-૨૦૧૯ સુધીમાં પ્રમાણપત્ર તથા અરજી નહિ મોકલવામાં આવે તો તેઓની અરજી તથા પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. તેમ જિલ્લા રમતગમત અધિકારીશ્રી ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.

જેતપુર તાલુકાના જેતલસર ગામે મકરસંક્રાંતિના પવિત્ર દીવશે રૂપિયા સવાબે લાખના ખર્ચે શાન્તિરથ અર્પણ કરવામા આવ્યો



જેતપુર

જેતલસર ગામે સ્વ સવર્ગસ્થ શ્રી મોહન ભાઈ બાબરીયા તેમજ વીજયાબેન કનુભાઈ ભુવાના સમરાણર્થે રૂપીયા સવા બેલાખ ના ખર્ચે જીતુભાઈ બાબરીયા તેમજ નીતેષ કનુભાઈ ભુવા.દ્વારા અંતિમ યાત્રા રથ જેતલસર ગ્રામ પંચાયત ને અર્પણ કરવામા આવ્યો હતો તેમજ જેતલસર રામધુન મંડળ દ્વારા ધુન બોલાવીને વધાવામા આવ્યો હતો આ રથને કાયમી સંભાળ રાખવામાટે એક હોલ બનાવા માટે નો ખર્ચે જમનભાઈ ભુવા તેમજ દીનેશ પોદરા દ્વારા આપવામા આવશે અને હોલનુ ખાત મુહર્ત આજે ગ્રામ પંચાયત દ્વારા કરવામા આવ્યુ હતુ તેમજ આ દાતા શ્રી ઓ દ્વારા એવુ જણાવામા આવ્યુ હતુકે દાન કરવાના પવીત્ર દીવશે લોકોને ઉપયોગી થયશકે તેરીતે દાન કરવુ જોયે આ રથ ગ્રામ પંચાયત ને અર્પણ થતા જેતલસર ગ્રામ જનોયે દાતા શ્રી ઓનો આભાર માનયો હતો.

લોકો મ્યુઝીક સીસ્ટમના તાલે નાચગાન કરીને પતંગની મજા માણી



વિરમગામ શહેર અને તાલુકામાં ઉત્તરાયણ નિમિત્તે પતંગ રસિકોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. ગત વર્ષના પ્રમાણમાં આ વર્ષે પતંગ-દોરીના ભાવમાં વધારો થયો હોવા છતાં પણ બજારમાં ભારે પડાપડી જોવા મળી હતી. ઉત્તરાયણના દિવસે વિરમગામમાં પતંગબાજીનું આકાશી યુધ્ધ જામ્યુ હતુ અને ચારેબાજુ "કાપ્યો છે" ની બુમો સાંભળવા મળી હતી. ઉત્તરાયણ પર્વ દાન, પુણ્ય અને ખુલ્લા આકાશમાં રંગબેરંગી પતંગ ચગાવવાનો પર્વ અને આખો દિવસ ધાબા ઉપર જઈને પતંગ ચગાવવાની સાથે ઉંધીયા જલેબીની લીજજત માણી હતી. ઉત્તરાયણના દિવસે સવારથી જ શહેરમાં ઠેર ઠેર જલેબી અને ગરમા ગરમ ઉધીયાનું વેચાણ વેપારીઓ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું હતું.

મકરસક્રાંતિનો પર્વ એટલે દાન, પુણ્ય કરવાનો દિવસ અને સાથે સાથે બાળકો, યુવાનો, વયોવૃધ્ધ સુધીના લોકો ઉત્તરાયણના દિવસે ધાબા પર ચડી રંગબેરંગી પતંગો ચગાવી હતી. વિરમગામની આસપાસનું આખુ આકાશ રંગબેરંગી પતંગોથી છવાયેલું જોવા મળ્યુ અને ધાબા પર ઠેર ઠેર મ્યુઝીક સીસ્ટમ સાથે નાચગાન કરી પતંગ ચગાવવાનો અનેરો આનંદ માણવા શહેરીજનો સવારથી જ ધાબા પર જોવા મળ્યા હતા. પતંગ કાપતા કે કપાતા લોકોની ખુશી વ્યક્ત કરવા ચીચીયારીઓ અને પીપુડાના અવાજોથી પોતાની ખુશી વ્યક્ત કરી હતી. જો કે કેટલાક લોકો ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમ્યાન દોરીથી ઘાયલ થયા હતા.

ચોરીના મો.સા. નંગ ૨ સાથે બે ઈસમોને પકડી પાડતી જેતપુર તાલુકા પોલીસ



જેતપુર

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મિણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.ભરવાડ સાહેબ જેતપુર વિભાગનાઓ તરફથી ચોરી સંબંધી ગુન્હા ડીટેકટ કરવા આપેલ સુચના અન્વયે જેતપુર તાલુકાના પો.સબ.ઈન્સ. પી.જે બાંટવા સા. તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીગમા હતાં તે દરમ્યાન એચ.સી. ભુરાભાઈ માલીવાડ ને મળેલ હકીકત ના આધારે પેઢલા ગામ પાસેથી (૧) કિશનભાઈ વિનુભાઈ સમેચા ઉ.વ. ૨૦ (૨) સંજય લાખાભાઈ વાધેલા ઉ.વ. ૧૯ રહે. બંને જેતપુર વાળાઓને રાજકોટ માલવીયા નગર પો.સ્ટે. મા ૧૬૪/૧૮ ના કામે ચોરી થયેલ એકટીવા નં જી.જે.૩ કે.જી. ૭૧૭૯ વાડુ કબ્જે કરેલ તેમજ એકટીવા મો.સા. નં જી.જે.૨૩ બી.એન. ૯૮૧૦ વાડુ કબ્જે કરિ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ હતી.

તેમજ મજકુર બંને ઈસમોએ આ સિવાય (૧) આજથી દસેક મહીના પહેલા રાજકોટ બસ સ્ટેન્ડ પાસેથી એક એકટીવા મો.સા. તેમજ (૨) દસેક મહીના પહેલા રાજકોટમાં પુજારા રોડ પરથી એક એકટીવા મો.સા. તેમજ (૩) દસેક મહીના પહેલા રાજકોટમાં ભકિતનગર રેલ્વે સ્ટેશન પાસેથી એક સાઈન મો.સા. (૪) તેમજ આજથી દસેક મહીના પહેલા રાજકોટમાં ભકિતનગર રેલ્વે સ્ટેશન પાસેથી એક સ્પ્લેન્ડર મો.સા. ચોરી કરેલની કબુલાત આપેલ છે. આ કામગીરીમાં પો.સ.ઈ. પી.જે. બાંટવા તથા પો.સ.ઈ. આર.એલ. ગોયલ તથા પો.હેડ. કોન્સ ભુરાભાઈ માલીવાડ તથા એ.એસ.આઈ. પી.કે. શામળા પો.કોન્સ નિલેશભાઈ ડાંગર તથા પો.કોન્સ. રાજુભાઈ શામળા વિગેરે સ્ટાફ ના જોડાયા હતા.

માંડવીમાં યુવા દિવસની ઉજવણી અંગે કાનૂની શિક્ષણ શિબિર યોજાયો

સુરત

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે અને માંડવી તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા તાજેતરમાં માંડવીની શ્રી વી.એફ.ચૌધરી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે યુવા દિવસ ઉજવણીના અનુસંધાને કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરાયું હતું.

સ્કૂલના પ્રાર્થના ખંડમાં આયોજિત આ શિબિરમાં માંડવી તાલુકા કાનૂની સેવા સમિતિના ઈન્ચાર્જ ચેરમેન શ્રી એમ.બી.દવે, માંડવી તાલુકા વકીલ મંડળના પ્રમુખ શ્રી કે.કે.શેખ, ઉપપ્રમુખ શ્રી જે.એ.શાહ સહિતના હોદ્દેદારો, અન્ય વકીલ મિત્રો, સ્કૂલના ઉ. વિભાગના પ્રિન્સિપાલ ચૌધરી, માધ્યમિક સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી ચતુરભાઈ વસાવા, કાનૂની સેવા સમિતિના સેક્રેટરી શ્રી પ્રદીપસિંહ ખેંગાર, અન્ય કર્મયોગી સહિતના મહાનુભાવોએ યુવાનોને પ્રેરણાત્મક સંદેશ સાથે શિબિર આયોજનનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો. શિબિરમાં શાળાના ૧૫૦થી વધુ યુવક/યુવતીઓએ ભાગ લઈને શિબિરને સફળ બનાવી હતી.

જેતપુર નવાગઢમા સદભાવ સમુહ લગ્ન સમિતિ દ્વારા સાતમા સમુહ લગ્ન યોજાયા



જેતપુર

જેતપુર પોરબંદર ના સાસંદ વીઠ્ઠલ રાદડીયાના પુત્ર સ્વ કલ્પેશ રાદડીયા ની.છઠ્ઠી પુર્ણતીથી નીમીતે જેતપુર નવાગઢ નગરપાલિકા ઉપ્રમુખ અનીલ કાછડીયાના સહયોગથી સદભાવ સમુહ લગ્ન સમીતી દ્વારા આજે સાતમા સમુહ લગ્ન યોજાયા હતા જેમાં ૩૭ હીન્દુ મુસ્લિમ દંપતિ ઓએ પ્રભુતામા પગલા માડયા હતા તેમજ અનીલ કાછડીયા દ્વારા ૧૦૦ મી વખત રકત દાન કેમ્પ યોજાયો હતો તેમા મોટી સંખ્યામાં લોકોયે રકતદાન કર્યુ હતુ તેમજ આ કેમ્પમા એકત્રિત થયેલ બલ્ડ થી કેબીનેટ મંત્રી જયેશ રાદડીયાની રકત તુલા કરવામા આવીહતી તેમજ આ લગ્ન મંડપમાં એક બાજુ ભુદેવો દ્વારા ફેરા ફેરવામા આવ્યાં તો બીજી બાજુ મોલાના દ્વારા નીકાહ પઢાવામા આવતા હીન્દુ મુસ્લિમ ભાઈભાઈના દ્રશ્ય જોવામળયા હતા તેમજ દીકરીયોને કરયાવર પણ આપવામા આવ્યું હતુ આ કરયાવરના દાતાઓનુ મંત્રી જયેશ રાદડીયા તેમજ અનીલ કાછડીયા દ્વારા મુમેન્ટો તેમજ સાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યું હતુ.

બોટાદના પાળીયાદ તાબાના રંગપર ગામે થયેલ હત્યાના નાસતા આરોપીને પકડી જેલના સળીયા પાછળ ધકેલતી પાળીયાદ પોલીસ

બોટાદજીલ્લાના પાળીયાદ તાબાના રંગપર ગામે ગઇ તા.૭/૧/૨૦૧૯ના સવારના આશરે સાતેક વાગ્યાની આસપાસ મારા મારીનો બનાવ બનેલ જે બાબતેની તેજાભાઇ વેલાભાઇ તાવીયા રહે. રંગપર તા.જી. બોટાદવાળાએ પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવેલ અને આ ફરિયાદીના ભત્રીજા અમીતભાઇ પ્રેમજીભાઇ તાવીયા રહે. રંગપરવાળાનુ ભાવનગર સારવાર દરમિયાન મોત નિપજેલ જે ગુન્હાના પાંચ આરોપીને અગાઉ પકડી પાડેલ અને એક આરોપી પકડવા બાકી હોય જે નાસતા ફરતા આરોપીને સત્વરે પકડવા અંગે પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તથા વિભાગીય પોલીસ અધિકારી રાજદીપસિંહ નકુમની સુચના આપવામાં આવેલ જે સુચના અંતર્ગત પાળીયાદ પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ એન.સી.સગર તથા પાળીયાદ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પો.સબ.ઇન્સ એન.સી.સગર ને ખાનગી રાહે બાતમી મળેલ કે રંગપર ગામનો હત્યાના ગુન્હાનો નાસતો ફરતો આરોપી જગદીશભાઇ પ્રેમજીભાઇ રહે.રંગપરવાળો ગઢડા તાબેના ભીમડાદ ગામથી નિકળેલ છે અને જે શિરવાણીયાના પાટીયા પાસેથી પસાર થનાર છે અને ગઢડા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફના માણસો તેની પાછળ છે જે આધારે શિરવાણીયા ગામના પાટીયા પાસે આરોપી જગદીશભાઇ પ્રેમજીભાઇ કુકડીયા ઉ.વ.૩૩ રહે. રંગપરવાળાને તા.જી.બોટાદ વાળાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો આ કામગીરીમાં પો.સબ.ઇન્સ એન.સી.સગર, પાળીયાદ પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ,ગઢડા પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા હરપાલસિંહ ગોહિલ, ભગીરથસિંહ ગોહિલ, કૌશિકભાઇ સોરઠીયા જોડાયા હતા.

એર ડીફેન્સ કોર્પ્સને વધુ સુસજ્જ બનાવાશેઃ મેજર જનરલ સુબોધકુમાર

આર્મી એર ડીફેન્સ લેન્ડયાચીંગ અભિયાનની ધોરડોમાં કરાઈ પૂર્ણાહુતિ : સુબોધકુમાર હસ્તે ટીમના સદસ્યોનું કરાયું સન્માન





ભુજ, આર્મી કોર્પ્સ એર ડીફેન્સ સિલ્વર જયુબિલી પ્રસંગે ધોરડોથી ગત તા. ૮મી જાન્યુઆરીએ આઠ દિવસીય લેન્ડ યાર્ચીંગ સાહસિક અભિયાનનો ધોરડોથી પ્રારંભ કરાયો હતો તે ૪૦૦ કીલોમીટર અંતરના રણના કઠીન માર્ગો પાર કરી આ લેન્ડ યાચીંગ અભિયાનનો આજે ધોરડો ખાતેના કાર્યક્રમના મુખ્ય અતિથિ મેજર જનરલ સુબોધકુમાર, એડીશનલ ડાયરેકટર જનરલ, આર્મી એર ડીફેન્સની ખાસ ઉપસ્થિતિમાં તેમના હસ્તે ફલેગઈન કરી આ સાહસિક અભિયાનને સફળ જાહેર કરાયું હતું.

ભારતીય સેનાના સાહસના પ્રતિકસમી આ અભિયાનનું નેતૃત્વ કેપ્ટન નવયોગસિંઘ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. ગત ૮મી જાન્યુઆરીએ ધોરડોથી આરંભાયેલા ૧૫ સદસ્યોના લેન્ડ યાર્ચીંગ અભિયાન લીંધારો, કુંવરબેટ, ધર્મશાલા, શક્તિબેટ, કરિમશાહી થઈ ધોરડો ખાતે અભિયાનની આજે પૂર્ણાહુતિ પ્રસંગે ટીમના સદસ્યોનું ઉમળાભેર સ્વાગત સન્માન કરાયું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ મેજર જનરલ સુબોધકુમારે કહેલા ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજનો દિવસ આર્મી દિવસના રૂપમાં મનાવાઈ રહ્યો છે. આજે દેશના વીર શહીદોની યાદમાં અમર જવાન જયોતિ ઉપર શ્રધ્ધાંજલિ પણ આપવામાં આવે છે. આર્મી એર ડીફેન્સ ઈન્ડિયન આર્મીની સૌથી આધુનિક કોર્પ્સ હોવાનો ગર્વ છે, ૧૦મી જાન્યુઆરીએ આ કોર્પ્સની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે તેમણે સખત પરિશ્રમ સાથે કોર્પ્સને વધુ સુસજ્જ બનાવી આગળ લઈ જવાની કટ્ટીબધ્ધતા વ્યકત કરી હતી.

આ પ્રસંગે મુખ્ય અતિથિ મેજર જનરલ સુબોધકુમારના હસ્તે લેન્ડ યાચીંગ અભિયાન ટીમના સાહસવીરોનું પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરાયાં હતા. બ્રિગેડીયર ઉપરેતિ, કર્નલ એસ.કે.યાદવ, સેનાના અધિકારીઓ, જવાનો, પરિવારજનો, ધોરડોના સરપંચ મીયાંહુસેન તેમજ ધોરડોવાસીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

સરંભડા ગામની દુધ ઉત્પાદક મંડળી ખાતે પશુરોગ નિદાન કેમ્પ યોજાયો





શ્રી સરંભડા દુધ ઉત્પાદક સહકારી મંડળી આયોજિત નિદાન કેમ્પમાં ૭૮૦ પશુઓના રોગોનું વિનામુલ્યે નિદાન કરી સારવાર અપાઈ

હળવદ તાલુકાના સરંભડા ગામે શ્રી સરંભડા દુધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે પશુરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પશુપાલકોએ મોટી સંખ્યામાં હાજર રહી પશુઓનું નિદાન કરાવ્યું હતું. પશુઓના નિદાન સાથે વિવિધ રોગોના પશુઓને સારવાર આપવામાં આવી હતી.

તાલુકાના સરંભડા ગામે આવેલ શ્રી સરંભડા દુધ ઉત્પાદક સહકારી મંડળી હંમેશા અવારનવાર પશુપાલકોના હિતમાં વિવિધ કાર્યક્રમોનો આયોજન કરવામાં આવતુ હોય છે ત્યારે આજરોજ પશુ રોગ નિદાન કેમ્પ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પશુપાલન અધિકારી - મોરબી, વેટનરી ઓફિસર તેમજ વિવિધ પશુરોગ લક્ષી ચિકિત્સાલયના અધિકારીઓ અને હળવદ પશુ દવાખાનાના અધિકારી, સુરેન્દ્રનગર સુરસાગર ડેરીના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પશુ સારવાર કેમ્પમાં કુલ નાના મોટા ૭૮૦ પશુઓને વિનામુલ્યે નિદાન કરી સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સરંભડા દુધ ઉત્પાદક સહકારી મંડળીના સ્થાપક ભીમાભાઈ નાગજીભાઈ દોરાલા, મંડળીના પ્રમુખ દેવશીભાઈ ભરવાડ, મંડળીના મંત્રી ભીમાભાઈ દોરાલાએ જહેમત ઉઠાવી હતી. આ તકે હાજર પશુ ચિકિત્સક દ્વારા પશુઓની માવજત માટે પશુપાલકોને માહિતગાર કર્યા હતા.

પ્રગટ બ્રહ્મ સ્વરૂપ મહંત સ્વામીના સુરત આગમન ભક્તોમાં ભક્તિની રેલી

પ.પૂ. મહંતસ્વામી મહારાજના દર્શન કરવા સુરતીલાલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા

સુરત

ભગવાન સ્વામિનારાયણ તથા બ્રહ્મસ્વરૂપ મુખસ્વામી મહારાજના કાર્યને વેગવતુ રાખનાર માનવમાત્રના ઉત્કર્ષનુ જીવનધ્યેય લઈને સતત વિચરણ કરનાર ગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વમી મહારાજનુ સોમવાર તા.૧૪-૦૧-૨૦૧૯ને સુરતમાં અડાજણ સ્થિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મદિરમા ખુબજ ભવ્યતાથી સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

સોમવાર તા.૧૪-૦૧-૨૦૧૯ના સવારે ૧૧.૧૫ કલાકે સ્વમીશ્રીનુ મદિરમાં આગમન થયુ ત્યારે મદિરનાં પ્રાંગણમાં પ્રાણપ્યારા ગુરૂહરિનુ સ્વાગત કરવા સેકડો હરિભક્તો-ભાવિકો ઉમટી પડ્યા હતા. મદિરે ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ સાજે ૫ કલાકે આયોજીત સ્વાગત સભામાં બાળકો-યુવાનોએ નૃત્ય દ્વારા ગુરુહરિનુ પરપરાગત રીતે ભવ્ય સ્વાગત કર્યુ હતુ. તેઓ ૪૦,૦૦૦થી વધુ ભાવિક ભક્તોનુ અભિવાદન ઝીલતા-ઝીલતા મચ પર બિરાજમાન થયા હતા. સ્વામીશ્રીએ હજારો મુમુક્ષુઓના હ્રદયરૂપી પતગને પોતાના હાથે તાતણારુપી દોરીથી બાધીને જીવન-સચાર કરી રહ્યા છે. એની તીતિ કરાવતા સ્વામીશ્રીએ વિશાળ પતગની દોરી હાથમાં ઝાલી હતી. આ સગે સદગુરૂ સત પૂ. વિવેકસાગર સ્વામીએ ઉત્તરાયણ પર્વનુ મહાત્મ્ય અને સર્મપણની ગાથા ગાઈ હતી. સવિશેષ પ.પૂ.મહંતસ્વામી મહારાજે હરિભક્તો પર કૃપાઆશિષ વરસાવતા રૂડા આર્શિવચનો આપ્યા હતા. ગઈકાલે સવારે પણ સ્વામીશ્રીની પ્રાતઃપુજામાં હજારો મુમુક્ષોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સતો-યુવકોના સુમધુર કંઠે ભજન-કીર્તનોનુ ગાન થતા વાતાવરણ દિવ્ય થયુ હતુ. નાના-નાના બાળકોએ વચનામૃતનો મુખપાઠ રજુ કરી સ્વામીશ્રીને રાજી કર્યા હતા. વહેલી ભાતની ઠંડકમાં પણ પ.પૂ સ્વામીશ્રીનાં દર્શન કરી દિવ્યતાની સુવાસ સૌ હરિભક્તો અનુભવી રહ્યા હતા. બી.એ.પી.એસ સ્વામિનારાયણ સસ્થાનુ સમાજમાં આગવુ દાન એટલે સસ્કૃતિનાં સવર્ધક સમા મદિરો. પ.પૂ. મહંતસ્વામી મહારાજે પૂજા બાદ દક્ષિણ ગુજરાતમાં (ત્તીથલ, સાકરી, ઉકાઈ અને નવસારી) નિર્માણ પામેલ ૨૪ નૂતન મદિરોની મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા વિધી કરી હતી. સૌ ભક્તો મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધી ના સાક્ષી બનીને ધન્ય થયા હતા. તારીખ ૨૯-૦૧-૨૦૧૯ સુધી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહતસ્વમી મહારાજ સુરતમાં રોકાયને સુરતની ભાવીક જનતાને દર્શન-આર્શીવાદનો લાભ આપવાના છે. દરરોજ વહેલી સવારે ૫.૧૫ થી ૭.૧૫ કલાક સુધી સ્વામીશ્રીની ભગવાન પ્રત્યેની પરાભકિતનુ દર્શન કરાવતી એમની પ્રાતઃપુજાના દર્શનનો અદ્‌ભુત લાભ મળનાર છે. જેનો લાભ લેવાં સુરત શહેરગ્રામ્યના મુમુક્ષુઓને હાર્દિક નિમત્રણ છે.

કંથારિયા પ્રામાણિક માજી સરપંચનું અવસાન

કંથારિયાના માજી સરપંચ એયુબવલી ટપુનુંઅવસાન થયેલ છે તેઓ પોતાના કાર્યકાળ માં નિષ્પક્ષ અને પ્રામાણિક સરપંચ હોવાની છાપ અને દાખલો બેસાડ્યો છે તેઓ ના કાર્યકાળ દરમ્યાન ગરીબ અને આદિવાસીઓ ના કામ માટે હરહંમેશ તત્પર રહ્યા હતા અને ન્યાયપ્રિય હોવાને કારણેઘણા ના અણગમતા પણ બન્યા હતા છતાંતેઓએજાન જોખમમાં મૂકી ન્યાય ને વળગી રહ્યા હતા જેએક સાચા મુસલમાન ની છાપ ગામમાં છોડી ગયા છે જેમના અવસાન થી ગામના ગરીબોએ એક સાચો રાહબર ગુમાવ્યો છે અલ્લાહ એમ ને જન્નત અતા ફરમાવે તેવી દિલોજાન થી ગામ લોકોએ દુઆ ગુજારી છે.











લોકસભા ચૂંટણી : મોદીએ પોતાને નવેસરથી રજૂ કરી દીધા છે...

મોદીનુ નામ પ્રમુખ હથિયાર તરીકે હશે

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે તેયારી તમામ પાર્ટી દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે દરેક પાર્ટી પોત પોતેની રીતે પાસા ફેંકી રહી છે. ભાજપ અને કોંગ્રેસ પાર્ટી આ મામલે સૌથી આગળ છે. એકબાજુ નરેન્દ્ર મોદીનુ નામ ભાજપ માટે સૌથી મોટા હથિયાર તરીકે છે. અમિત શાહ કહી ચુક્યા છે કે આજે દુનિયામાં મોદી જેવા બીજા કોઇ મોટા નેતા નથી. મોદીએ પોતે પણ આપને કેવા પ્રકારના સેવકની જરૂર છે તેવો પ્રશ્ન કરીને પોતાને નવેસરથી રજૂ કરવાની તક ઝડપી લીધી છે. મોદીએ રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર મતદારોની વચ્ચે પોતાની વાત મજબુતી સાથે રજૂ કરી દીધી છે. અગાઉની યુપીએ સરકાર દ્વારા તેમને હેરાન પરેશાન કરવાની વાત કરીને મોદીએ ઉલ્લેખ કર્યો છે કે કઇ રીતે અગાઉની સરકારના ગાળા દરમિયાન તેમને હેરાન કરવામાં આવ્યા હતા. અમિત શાહને તો જેલ ભેગા પણ કરી દેવામાં આવ્યા હતા. પોતાને પિડિત તરીકે રજૂ કરીને મોદીએ કુશળતા સાથે ભાવનાત્મક મુદ્દાને પણ ચૂંટણીમાં રજૂ કરી દીધા છે. મોદીનો ભાવનાત્મક મુદ્દો આ વખતે પણ મતદારોની સમક્ષ રહેનાર છે. પાંચ વર્ષ પહેલા ભાજપે આ જ જગ્યાએ ભાજપે રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠક યોજી હતી. પાંચ વર્ષ બાદ હાલમાં દિલ્હીના ઐતિહાસિક રામ લીલા મેદાન ખાતે કાર્યકારણીની બેઠક યોજવામાં આવી હતી. મોદીએ આમાં વડાપ્રધાન તરીકે તેમના વિજનને રજૂ કરીને તમામને તૈયારીમાં લાગી જવા માટે કહ્યુ હતુ. આને સાંભળ્યા બાદ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે બનાવવાનો વિરોધ કરનાર પક્ષના સૌથી વરિષ્ઠ મનેતા લાલકૃષ્ણ અડવાણી પણ તેમની પ્રશસા કર્યા વગર રહી શક્યા ન હતા. અડવાણીએ કહ્યુ હતુ કે જાણે અમે સ્વામી વિવેકાનંદને સાંભળી રહ્યા હતા. રામલીલા મેદાનમાં ભાજપ રાષ્ટ્રીય કારોબારને



હતા. કાર્યકરોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેની આ છેલ્લી તક હતી. ભાજપને લાગે છે કે ખેતી

પોતાને પિડિત દર્શાવવાના ભાવનાત્મક પાસાને પણ છેલ્લી ચૂંટણીની જેમ આ વખતે પણ રજૂ કરાશે : આક્રમક તૈયારી હાથ ધરવામાં આવી

હમેંશા ઉપયોગી માને છે. પાર્ટીના લોકો કહે છે કે આટલી મોટી રાષ્ટ્રીય પરિષદનુ આયોજન પહેલા ક્યારેય કરવામાં આવ્યુ નહતુ. પાર્ટીએ અહીં હાલની હાર બાદ કાર્યકરોના ઉત્સાહને વધારી દેવાના તમામ પ્રયાસો કર્યા અને ખેડુતના મુદ્દાને વિપક્ષ મોટા મુદ્દા તરીકે રજૂ કરનાર છે. જેથી આ મુદ્દા પર અલગ રીતે એક ઠરાવ રાજનાથ સિંહ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે સ્વતંત્ર ભારત બાદ કોઇ પણ સરકારે એટલા પગલા લેવામાં આવ્યા છે. મોદી કારોબારીમાં આક્રમક અંદાજમાં દેખાયા હતા. તમામ મુદ્દા પર વાત કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધિવેશનનાં બીજા દિવસે વડાપ્રધાન નરેનદ્ર મોદી હાલમાં તેમના અસલી અંદાજમાં દેખાયા હતા અને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો મજબુર સરકાર માટે ઇચ્છુક છે. જ્યારે દેશ મજબૂત સરકાર માટે ઇચ્છુક છે. દેશમાં ફરીથી લૂંટ ચલાવી શકાય તે ઇરાદાથી મજબુર સરકાર બનાવવા માટે વિરોધ પક્ષો ઇચ્છુક છે. ફરીથી કૌભાંડોની દુકાનો બંધ થઈ જાય, યુરીયા કૌભાંડ કરી શકાય તે ઇરાદા સાથે મજબુર સરકાર લાવવા માટે વિરોધ પક્ષો ઇચ્છુક છે. દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં બીજા દિવસ મોદીએ કહ્યું હતું કે મહાગઠબંધનના નામ ઉપર લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ પ્રકારના લોકો મજબુર સરકાર બનાવવા ઇચ્છુક છે. દેશને લૂંટી લેવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે રાજનીતિ વિચારો અને ગઠબંધનો ઉપર આધારીત હોય છે પરંતુ પ્રથમ વખત એવું બની રહ્યું છે જ્યારે એકબીજાને જોઈ શકવાની સ્થિતિમાં નહીં રહેલા વિરોધ પક્ષો માત્ર એક વ્યક્તિને હરાવવા માટે સાથે આવી રહ્યા છે. અયોધ્યા જમીન વિવાદ કેસ અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી આ વિવાદને ઉકેલવામાં આવે તેમ ઇચ્છુક નથી. મોદીએ એમ પણ કહ્યું હતું કે ૧૨ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીએ તેમને સતત હેરાન પરેશાન કર્યા હતા. અમિત શાહને જેલમાં પુરી દેવામાં આ લોકો સફળ રહ્યા હતા. વિવિધ પ્રકારના કાયદાઓ હેરાન કરવા માટે બનાવવામાં આવ્યા હતા. પોતાના મુખ્યમંત્રી કાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ સીબીઆઈ ઉપર પ્રતિબંધ મુકવાના દાખલા આપી રહ્યા છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે આ લોકોએ એવા કયા કામ કરેલા છે જેના કારણે સીબીઆઈ ઉપર પ્રતિબંધ મુકવાની ફરજ પડી રહી છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૨ વર્ષ સુધી કોંગ્રેસ અને તેમના સાથીઓના ઈશારે કાર્યવાહી થઈ રહી હતી. મોદીએ કાર્યકરોમાં ઉત્સાહ વધારી દેવાની સાથે સાથે તેમની સરકારની યોજનાઓ તમામની વચ્ચે લઇ જવાની વાત કરી હતી. મોદીએ કહ્યુ હત કે અમે ઉત્તરપ્રદેશમાં ૭૩ના આંકડાને પણ પાર કરીશુ.

રૂપિયા પર બધાની નજર

ડોલરની તુલનામાં રૂપિયામાં હાલમાં ભારે ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. હાલમાં રૂપિયો સૌથી નીચલા સ્તર પર પહોંચી ગયો હતો. ડોલરની સામે રૂપિયો હાલમાં ૭૧.૦૬ની સપાટી પર છે. ડોલરની સામે રૂપિયો સૌથી નીચે સ્તર પર પહોંચી જવાની બાબત ભારતીય અર્થતંત્ર માટે યોગ્ય કહી શકાય નહી. મોંઘવારીને લઇને પરેશાન સામાન્ય પ્રજા પર વધારે ચિંતા દેખાઈ રહી છે. પહેલાથી જ મોંઘવારીથી પરેશાન સામાન્ય લોકો માટે ડોલરની સામે રૂપિયો નબળો પડ્યા બાજ વધારે હાલત કફોડી બની શકે છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં ડોલરની સામે રૂપિયો છ રૂપિયા ઘટી ગયો છે. રૂપિયો કમજોર થતા સામાન્ય લોકો માટે પિડાજનક બની શકે છે. સ્વાભાવિક છે કે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વોરના કારણે આ સ્થિતી સર્જાઈ છે. જો કે સામાન્ય લોકોને આ વાતમાં વધારે રસ નથી. ક્રુડ ઓઈલની કિંમતમાં ફરી એકવાર જોરદાર ઉછાળો આવતા તેની પણ અસર જોવા મળી રહી છે. વૈશ્વિક ઉથલપાથલના કારણે ામાન્ય રીતે તો દુનિયાના તમામ ચલણમાં નબળાઈ જોવા મળી રહી છે. જો કે આની સૌથી વધારે અસર અમારા ખાતામાં જ દેખાઈ છે. રૂપિયો છેલ્લા એક વર્ષના ગાળામાં આશરે આઠ ટકા ઘટી ગયો છે. અમારી પાસે હાલમાં માત્ર ૪૧૦ અબજ ડોલરની વિદેશી હુંડિયામણ ભંડોળ છે. સાથે સાથે અમારી ક્રેડિટ રેટિંગ પણ સ્થિર છે. પરંતુ આજે દુનિયા દે સ્થિતીમાંથી પસાર થઈ રહી છે તે જોતા પરેશાની વધી જવાની શક્યતા દેખાઈ રહી છે. જો સ્થિતી આવી જ રહેશે તો સામાન્ય રીતે દરરોજ ઉપયોગમાં આવતી ચીજ વસ્તુઓની કિંમતમાં તીવ્ર વધારો થઈ શકે છે. આ ખતરાની ઘંટી સમાન છે. અમારા માટે મોટો પ્રશ્ન એ છે કે આનો સામનો કઈ રીતે કરવામાં આવે. બીજી બાજુ મોદી સરકાર માટે પણ સમસ્યા ઓછી નથી. કારણ કે છેલ્લી લોકસભા ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીએ પ્રચાર દરમિયાન ડોલરની સામે રૂપિયાના ઘટતા સ્તરને લઈને આકરા પ્રહારો યુપીએ સરકાર પર કર્યા હતા. હવે તેમની સામે પણ આવી જ સ્થિતી સર્જાઈ ગઈ છે. મોદી કહેતા હતા કે જ્યારે દેશ સ્વતંત્ર થયુત્યારે એક ડોલર એક રૂપિયાના બરોબર હતો. જો કે કોંગ્રેસની ખોટી નિતીઓના કારણે ડોલરની સામે રૂપિયો સતત નબળો થતો રહ્યો છે. ભાજપને શાસનમાં આવ્યાને ચાર વર્ષ થઈ ગયા છે ત્યારે પ્રજા જાણવા માંગે છે કે આખરે હવે રૂપિયો મજબુત કેમ થઈ રહ્યો નથી. આ વર્ષે હજુ સુધી વિદેશી મુડીરોકાણકારો ભારતીય મુડી માર્કેટમાંથી જંગી નાણાં પાછા ખેંચી ચુક્યા છે. વૈશ્વિક વેપાર જંગના કારણે માઠી અસર થઈ રહી છે. નિકાસને વધારી દેવા માટે ભારતને આગામી દિવસોમાં વધારે નક્કર નિતી બનાવી દેવાની જરૂર છે. વૈશ્વિક વેપારને લઈને ખેંચતાણ વચ્ચે યુરોપિયન યુનિયનો અને ચીન નવી નિતી પર કામ કરી રહ્યા છે ત્યારે ભારતને પણ અસરકારક નિતી પર કામ કરવાની જરૂર દેખાઈ રહી છે. નોટબંધી અને જીએસટીના કારણે દેશની અર્થવ્યવસ્થા પહેલાથી જ કમજોર અને મંદીના દોરમાંથી બહાર નિકળી ચુકી છે.

છેલ્લા લોકસભા ચૂંટણી પ્રચારમાં મોદીએ રૂપિયાના મામલે આકરા પ્રહારો કર્યા હતા

લોકસભા ચૂંટણીની લડાઈની વિધિવતરીતે શરૂઆત થઈ ચુકી છે...

યુપી : ગઠબંધન બાદ ગણતરીનો દોર

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી વચ્ચે ગઠબંધનની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે લોકસભાની ચૂંટણી માટેની લડાઈ વિધીવત રીતે શરૂ થઈ ચુકી છે. અઢી દશકના લાંબા ગાળા બાદ બે નક્કર હરિફ પાર્ટીએ એકબીજા સાથે હાથ મિલાવ્યા બાદ આને લઈને ભાજપની સામે ચોક્કસપણે તકલીફ આવી શકે છે. જો કે દુશ્મનાવટને ભુલી જઈને સપા અને બસપાએ હાથ મિલાવવાનો નિર્ણય એટલા માટે કર્યો છે કે ચૂંટણીમાં બંને પાર્ટી પોતાના વોટ ટ્રાન્સફર કરી શકે. તેમની ઉર્જા પારસ્પરિક લડાઈમાં ખર્ચ ન થાય તે હેતુ સાથે ગઠબંધન કરવાની જાહેરાત કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં બંને પાર્ટી ૩૮-૩૮ સીટ પર ચૂંટણી લડનાર છે. કોંગ્રેસ પાર્ટીને એકલી પાડી દેવામાં આવી છે. માયાવતીનો એમ કહેવુ તો યોગ્ય લાગે છે કે કોંગ્રેસની સાથે મળીને ચૂંટણી લડવા માટેની બાબત ભુતકાળમાં





કોંગ્રેસને સાથે ન રાખવાનો નિર્ણય પણ રાજકીય પંડિતોમાં ચર્ચા જગાવે છે : ગઠબંધનથી હિન્દુ-મુસ્લિમ ધ્રુવીકરણની તકો પણ ઘટી શકે છે

સારી રહી નથી. ગઠબંધનનો કોઇ ફાયદો વિતેલા વર્ષોમાં કોંગ્રેસ સાથે રહીને મળ્યો નથી. હકીકત એ છે કે સમાજવાદી પાર્ટી અને બસપ બંને સામાજિક સમીકરણની રાજનીતિ કરે છે. જ્યારે કોંગ્રેસ અને બાજપ માહોલ બનાવીને ચૂંટણી જીતવા માટે ઇચ્છુક હોય છે. બંને શૈલીમાં દુધ અને પાણીજેવા મેળ શક્ય નથી. આગામી ચૂંટણીમાં સપા અને બસપાની સાથે મળીને ચૂંટણી લડવાને જમીની અને પ્રાતીય સ્વરૂપ આપવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ભાજપના પ્રયાસ તો ઉત્તરપ્રદેશને રાષ્ટ્રીય ચૂંટણી લહેરના હિસ્સા તરીકે રાખવાના છે. જો કે જાણકાર લોકો કહે છે કે આ ગઠબંધન હિન્દુ અને મુસ્લિમ ધ્રુવીકરણની શક્યતાને ઘટાડી શકે છે. કોંગ્રેસ પ્રયાસ કરે તો આ સ્થિતીનો ઉપયોગ રાષ્ટ્રીય વિપક્ષ તરીકેની પાર્ટી તરીકે કરી શકે છે. ભાજપની વાત કરવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી બહાર રહેવાથી ભાજપની સ્થિતી વધારે જટિલ બની જાય છે. સપા અને બસપા કોઇ દેશવ્યાપી ત્રીજા મોરચાના હિસ્સા તરીકે રહ્યા હોત તો ભાજપને ફાયદો થઇ શકવાની સ્થિતી હતી. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામથી એક બાબત તો સાબિત થઇ ગઇ છે. બિન ભાજપ અને અને બિન કોંગ્રેસ વિકલ્પની ચર્ચા ખતમ થઇ ગઇ છે. એટલે કે આગામી ચૂંટણી તો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ થનાર છે. જેમાં મોટા ભાગે ટક્કર મોદીની લહેર પર રહેશે. એકબાજુ ભાજપની ઇચ્છિત સ્થિતી છે. આ લડાઇ મોદી-રાહુલની રહેલી છે. ભાજપને માહિતી છે કે વર્ષ ૨૦૧૪ જેટલી સરળ સ્થિતી નથી. બે ત્રણ મહિના પહેલા જેવી સ્થિતી સરળ હતી તેવી સ્થિતી હાલમાં દેખાઇ રહી નથી. સ્થિતી ભાજપ માટે હજુ જટિલ બની શકે છે. ભાજપને સૌથી મોટી ટક્કર ઉત્તરપ્રદેશમાં જ મળનાર છે. બિહારની જેમ અહીં પણ ભાજપ અતિ પછાત જાતિ માટે કોઇ કાર્ડ રમે તેવી શક્યતા છે. વર્ષ ૧૯૯૩માં માયાવતી અને મુલાયમસિંહ યાદવ સાથે આવ્યા હતા પરંતુ ત્યારબાદ સ્થિતી જટિલ બની હતી. આ પહેલા રામ મંદિર આંદોલનના ગાળા દરમિયાન ૧૯૯૩માં સપા અને બસપનાની સાથે મળીને ચૂંટણી લડી હતી. ત્યારે રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવી હતી.હવે ગઠબંધનની સ્થિતીમાં તો ૨૫ વર્ષ પહેલાની જીતનુ પુનરાવર્તન થઇ શકે છે. ગયા વર્ષે પ્રદેશની ત્રણ સીટો ઉપર યોજાયેલી પેટાચૂંટણીમાં ગઠબંધનના કારણે જીત થઇ હતી.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ગોરખપુર સીટ સહિત ત્રણ સીટો ઉપર જીત મેળવી લેવામાં આવી હતી. આ ચૂંટણીને તમામ પાર્ટીઓને ભાજપની સામે એક કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. કોઇ સમયે એકબીજાની સાથે રહેલા અને ત્યારબાદ એકબીજાના નજીકના દુશ્મન તરીકે રહેલા સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ ૨૫ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર સાથે આવવાની ઐતિહાસિક જાહેરાત કરી હતી. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને આ અંગેની જાહેરાત હાલમાં કરી હતી. આની સાથે જ યુપીમાં હવે નવા નવા રાજકીય સમીકરણ રચાઇ શકે છે. ઉત્તરપ્રદેશની ૮૦ લોકસભા સીટો પૈકી બંને પાર્ટી ૩૮-૩૮ સીટો ઉપર ચુંટણી મેદાનમાં ઉતરશે. કોંગ્રેસને ગઠબંધનથી બહાર રાખવાનો નિર્ણય કરાયો છે પરંતુ ગાંધી પરિવારના પરંપરાગત ગઢ અમેઠી અને રાયબરેલીમાં ગઠબંધન પોતાના ઉમેદવારને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. આ નિર્ણય પણ કુબ ગણતરીની સાથે કરવામાં આવ્યો છ..

પોસ્ટ બેબી ફેટ તકલીફ ટાળી શકાય

સગર્ભાવસ્થાથી લઈને ડિલીવરી બાદ સુધી ૭૫ ટકા મહિલાઓમાં વજન વધવા જેવા તકલીફ આવે છે. આને પોસ્ટ બેબી ફેટ પણ કહેવામાં આવે છે. આના માટે ફેટલાક કારણો રહેછે. પોસ્ટ બેબી ફેટને ટાળવા માટે કેટલીક બાબતોને નિયમિતરીતે અને ગંભીર રીતે ધ્યાનમાં લેવામાં આવે તો આ તકલીફને ટાળી શકાય છે. પરંતુ આ બાબતો તરફ મહિલાઓ ધ્યાન આપતી નથી જેથી આવી તકલીફ થઇ જાય છે. પોસ્ટ બેબી ફેટની તકલીફને ટાળવ માટે યોગ્ય ભોજન અને દેખરેખ મહત્વપૂર્ણ છે. ગર્ભાવસ્થા દરમિયાન અને બાળકના જન્મ બાદ કઇ બાબતોને ધ્યાનમાં રાખીને ફિટ રહી શકાય છે. જાણકાર નિષ્ણાંતો અને તબીબો નક્કરપણે માને છે કે એક વખતમાં જ પૂર્ણ ડાઇટ ક્યારેય લેવી જોઇએ નહી. એક વખતમાં પૂર્ણ ડાઇટ લેવાના બદલે બે ત્રણ વખત ડાઇટ કરીને આગળ વધવાની જરૂર હોય છે. જરૂર કરતા વધારે પ્રમાણમાં શુગરનો ઉપયોગ કરવો જોઇએ નહી. નેચરલ રીતે ગળી ચીજો જે હોય છે તે ડાઇટમાં લેવી જોઇએ. જેમાં જ્યુસ અને અન્ય ચીજો નો સમાવેશ થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન કેટલીક ચીજો વધારે પસંદ કરવામાં આવે છે પરંતુ તબીબો કહે છે કે ખાટી મિઠી કોઇ પણ ચીજ મર્યાદિત પ્રમાણમાં જ લેવી જોઇએ.તબીબો એમ પણ કહે છે કે સગર્ભા વસ્થા દરમિયાન વજનને નિયંત્રિત રાખવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે જે રૂટિન કામો હોય છે તે બંધ કરવા જોઇએ નહી. રૂટીન કામ ધીમે ધીમે જાળવી રાખવા જોઇએ. ઘરની સાફ સફાઇની કામગીરી ચાલુ રાખી શકાય છે. આ ઉપરાંત કુકિંગને પણ ચાલુ રાખી શકાય છે. ગાર્ડનિંગને પણ જારી રાખી શકાય છે. સગર્ભાવસ્થા દરમિયાન જો યોગ અને સ્ટ્રેચિંગની ટેવ જારી રહે તો તે શરીર માટે ઉપયોગી સાબિત થઇ શકે છે. હળવી કસરત કરવાથી સીધો ફાયદો થાય છે. શરીરમાં પાણીની કમીને કોઇ પણ કિંમતે થવા દેવી જોઇએ નહી. દિવસ દરમિયાન કમ સે કમ ૮-૧૦ ગ્લાસ પાણી પીવામાં આવે તે જરૂરી છે. બાળકના જન્મ બાદ પણ પણ કેટલીક કાળજી રાખી શકાય છે. પેટના આસપાસના હિસ્સાની માંસપેશીને મજબુત કરવા માટે પ્રસુતિના દોઢ મહિના બાદથી યોગાસન અને અન્ય શારરિક કસરત ચોક્કસપણે કરવી જોઇએ. કોઇ પણ સમયના ભોજનને છોડવાના કોઇ પ્રયાસ કરવા જોઇએ નહી. તબીબ દ્વારા દર્શાવવામાં આવેલા ડાઇટ ચાર્ટને અસરકારકરીતે ફોલો કરવામાં આવે તે પણ જરૂરી છે. ભોજનમાં ફાયબરયુક્ત ભોજનનો ઉપયોગ કરવાની જરૂર રહે છે. જેમાં અનાજનો સમાવેશ થાય છે. દિવસ દરમિયાન ૧૫-૨૦ મિનિટ સુધી હળવી વોકિંગ કરવામાં આવે તે પણ ઉપયોગી છે. પ્રસુતિના પ્રથમ છ મહિના સુધી સ્તન પાન પણ જારી રાખવા માટેની સલાહ નિષ્ણાત તબીબો આપે છે. આનાથી દિવસ દરમિયાન ૫૦૦ કેલોરી ઘટી જાય છે. થોડાક દિવસ સુધી પાચન ક્રિયા યોગ્ય રીતે રહે તે માટે ખાવાપીવાની ચીજનો ઉપયોગ કરવો જોઇએ. મિઠાઇ. મીઠુ અને તેલ ઘી જેવી ચીજો મર્યાદિત પ્રમાણમાં જ લેવામાં આવે તે જરૂરી છે. માનસિક રીતે બાળકના આગમનને લઇને ઉતાવળ કરવી જોઇએ નહી.

કોંગ્રેસ માટે વાપસીની તક

કેન્દ્રમાં સત્તા કોની રહેશે તે બાબત ઉત્તરપ્રદેશ નક્કી કરનાર છે. અહીં લોકસભાની ૮૦ બેઠક છે. કોંગ્રેસ પાર્ટી આ રાજ્યમાં ખુબ નબળી સ્થિતી ધરાવે છે. અહીં કોંગ્રેસને સ્થિતી સુધારી દેવા માટે નવેસરથી કામ કરવાની જરૂર છે. જો કે હવે સમય ઓછો રહ્યો છે. કોંગ્રેસની નબળી સ્થિતીનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે યુપીમાં સપા અને બસપા દ્વારા જે ગઠબંધન કરવામાં આવ્યુ છે તેમાંથી કોંગ્રેસને બહાર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માયાવતીએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે કોંગ્રેસ પાર્ટી એકબીજાના વોટ ટ્રાન્સફર કરી શકે તેવી સ્થિતીમાં નથી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ઉત્તરપ્રદેશમાં મજબુત દેખાવ કરવા માટે માહોલ સર્જવાની જરૂર છે. સંગઠનની સ્થિતી મજબુત કરવાની જરૂર દેખાઇ રહી છે. કોંગ્રેસે તમામ સીટો પર એકલા હાથે લડવાની જાહેરાત કરી છે પરંતુ તેને ખુબ તાકાત લગાવી દેવાની જરૂર છે. કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ અને ઉત્તરપ્રદેશના પ્રભારી ગુલામ નબી આઝાદ કહી ચુક્યા છે કે કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં તમામ ૮૦ સીટો ઉપર પૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડશે. આના માટે પાર્ટીએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ગઠબંધનનો હિસ્સો બનશે તેમ અગાઉ માનવામાં આવી રહ્યું હતું પરંતુ હવે સપા અને બસપા દ્વારા ગઠબંધનની જાહેરાત કરવામાં આવ્યા બાદ અટકળોનો અંત આવ્યો છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીએ હવે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. ગુલામ નબીએ કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી એકલા હાથે લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે. છેલ્લી ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં યુપીની ૮૦ સીટો પૈકી ૭૩ સીટો એનડીએ ગઠબંધને જીતી હતી. સપાને પાંચ અને કોંગ્રેસને બે સીટો મળી હતી.

કોસંબામાંથી મળેલો મૃતદેહ અંકલેશ્વરમાંથી બે માસ પૂર્વે ગુમ થયેલી યુવતીનો હોવાનું ખુલ્યું

૧૩'મી નવેમ્બરે અજાણી યુવતીની મળેલી લાશનું પીએમ સુરત સિવિલમાં કરાયું હતું
સુરતના એકતા ટ્રસ્ટે બિનવારસી તરીકે મૃતદેહની દફનવિધિ કરી હતી

સુરત

અંકલેશ્વર તાડફળિયાની બે માસથી ગુમ યુવતીનો મૃતદેહ કોસંબાના નંદાવ ગલી પાસેથી મળી આવ્યા બાદ આ સમગ્ર પ્રકરણમાં અનેક રહસ્યો જોવા મળી રહ્યા છે.

તાડફળીયામાં રહેતી સના શેખ નામની ૧૮ વર્ષીય યુવતી તા.૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ લાપતા થઈ હતી. પરિવારજનોએ આ અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકે જાણવા જોગ અરજી શકમંદના નામ સાથે આપી હતી. પોલીસે શકમંદની ઉલટ તપાસ લીધી હતી. પરંતુ કોઈ સગડ મળ્યા ન હતા. આ બાબતે પરિવારજનોની વારંવારની રજૂઆત બાદ પણ પોલીસે અસરકારક કામગીરી ન કરી હોવાનો પરિવારજનોનો આક્ષેપ હતો. આ દરમિયાન જ ગુમ થયેલી યુવતીના પિતાનું આકસ્મિક મૃત્યુ નીપજતા વિવાદ વર્ક્યો હતો. તા.૧૦મીના રોજ સુરત અને અંકલેશ્વરની નજીક આવેલા કોસંબા પોલીસ મથકની હદમાં તપાસ કરતા ગત તા.૨૩ નવેમ્બરના રોજ નંદાવ ગામ પાસેથી એક ડિકમ્પોઝ થયેલા મૃતદેહને કોસંબા પોલીસ મથકના પીએસઆઈ એસ.જે. કડીવાલાએ વેલાછા પ્રાયમરી હેલ્થ સેન્ટર ખાતે મોકલીને પોસ્ટમોર્ટમ કરાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતદેહના પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર વેલાછા પીએચસીના મેડીકલ ઓફિસર ડૉ. વિપુલ ચૌધરીના અને ત્યારબાદ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડૉ. પંકજ પ્રજાપતિ કે જેઓ ફોરેન્સિક વિભાગના નિષ્ણાંત છે. એમના હસ્તાક્ષર છે. આ પોસ્ટમોર્ટમ રિપોર્ટ તા.૨૪ નવેમ્બર ૨૦૧૮નો છે. આ રિપોર્ટમાં સ્પષ્ટ જણાવાયું છે કે મૃતકનું મોત કોઈ ફ્રેક્ચર કે અન્ય શારીરિક ઈજાના કારણે થયું નથી અને મૃતદેહ મળ્યો એના પાંચ થી ૧૦ દિવસ પૂર્વે એનું મૃત્યું થયું હતું. મૃત્યુના કારણની જાણકારી માટે હાલ કેમિકલ એનાલિસિસ અને ડાયાટોમ એક્ઝામિનેશન રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

તા.૨૪-૧૧-૨૦૧૮ના આ પોર્સ્ટમોર્ટમ રિપોર્ટ બાદ તા.૨૭મીના રોજ મૃતકના મૃતદેહને સુરતના એકતા ટ્રસ્ટને દફનવિધિ માટે સુપરત કરી દેવાયો હતો અને એની દફનવિધિ પણ થઈ ગઈ છે.

આ ઘટનાની જાણ થતાં શહેર પોલીસ સના શેખના પરિવારને લઈ ઓળખવિધિ માટે ગઈ હતી અને વસ્ત્રો પરથી પરિવારજનોએ સના શેખ જ હોવાની ઓળખ કરી હોવાનું શહેર પીઆઈ અમીને જણાવ્યું હતું. જોકે તા.૧૨મીના રોજ સના શેખના પરિવારજનોએ શહેર પોલીસ મથકે જઈ ભારે હોબાળો મચાવ્યો હતો અને હત્યાનો ગુનો દાખલ કરવા માંગ કરી હતી.

આ સમગ્ર ઘટના અંગે અંકલેશ્વરના ડીવાયએસપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈ બાહ્ય કે આંતરિક શારીરિક ઈજા નથી એટલે હાલ આઈપીસી કલમ ૩૦૬ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આગળની કાર્યવાહી મૃતદેહના વિસેરાના રિપોર્ટ મળ્યા બાદ હાથ ધરાશે. દરમિયાન અંકલેશ્વર શહેર પોલીસે આ ઘટના ગંભીર સ્વરૂપ લઈ રહી હોવાથી જે જે શકમંદો છે એમને પૂછપરછ માટે બોલાવી લીધા હોવાનું શહેર પીઆઈ જિજ્ઞેશ અમીને જણાવ્યું હતું. સના શેખના ગુમ થવાથી લઈ મૃત્યુ પામવા સુધીના દુર્ઘટનાક્રમમાં અનેક રહસ્યો છુપાયેલા છે. જે પોલીસની ધનિષ્ઠ તપાસ બાદ જ બહાર આવશે. આ અંગે હવે શું નવા ખુલાસા કે ભેદ સામે આવે છે એ જોવું રહ્યું!

સુરત મહાનગર પાલિકા દ્વારા આયોજિત વેશભૂષા-ચિત્રકળા સ્પર્ધાનું પરિણામ

સુરત

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧-૧-૨૦૧૯ને શુક્રવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૫ થી ૮ના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન સવારે ૧૧.૦૦ કલાકે અને ધો.૧ થી ૪ની વેશભૂષા સ્પર્ધાનું આયોજન બપોરે ૧ કલાકે ખટોદરા કોમ્યુનિટી હોલ ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ચોસઠ જેગણીમાતાના મંદિર પાસે, નવજીવન હ્યુન્ડાઈ રોડ, ખટોદરા સુરત ખાતે કરવામાં આવ્યું હતું. તા.૧૧-૯-૨૦૧૯ના રોજ સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રશ્મિકાબેન પટેલ તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રગટાવી ચિત્રકામ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. ઉધના ઝોન વિસ્તારમાં આવેલ શાળાના ધો.૫ થી ૮ના ૧૨ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ચિત્રો દોર્યા હતા. જ્યારે ધો.૧ થી ૪ના ૩૨ બાલકોએ વેશભૂષામાં ભાગ લઈ પરફોર્મન્સ કર્યું હતું.

સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને તા.૨૬-૧-૨૦૧૯ના રોજ સાઉથ ઝોન ઉધના સુમન શાળા નં.૧ની બાજુમાં વિજયાનગર સ્ટેડિયમ, ઉધના સુરત ખાતે યોજાનાર ધ્વજવંદન બાદ સન્માન સમારોહ કાર્યક્રમમાં મા.મેયરના વરદ હસ્તે આમંત્રિત કરવામાં આવશે. વિજેતાઓને ઉપરોક્ત ધ્વજવંદન સ્થળે સવારે ૮.૩૦ કલાકે સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

રેલવે સ્ટેશન પર બાળકી સાથે દુષ્કર્મના આરોપીના જામીન મંજૂર

સુરત

સુરત રેલવે સ્ટેશન પર આવેલી ટીએક્સઆર ઓફિસમાં પાંચ વર્ષની માસુમ બાળા સાથે દુષ્કર્મ ગુજારવાના એક કેસમાં રેલવે પોલીસની એફીડેવીટમાં કોઈ ખાસ પુરાવાઓ અને તથ્ય ન જોવા મળતા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજે આરોપીના જામીન મંજુર કર્યા હતા. આરોપી તરફે એડવોકેટ ઝમીર શેખે દલીલો કરી હતી.

આ કેસની વિગતો એવી છે કે ન્યુ બોમ્બે માર્કેટ શિવ મંદિર પાસે આવેલા રાજુ નગર ખાતે ગોપાલ નંદકિશોર પંડીત રહે છે. ગત મહિનાઓમાં રેલવે પ્લેટફોર્મ પર આવેલી ટીએક્સઆર ઓફિસમાં ૫ વર્ષની માસુમ બાળા સાથે ગોપાલ પંડીત દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સુરત રેલવે પોલીસે આઈપીસી ૩૫૪ (એ), અને ૩ (બી) તથા પોક્સોનો ગુનો દાખલ કરી ૨૫/૫/૨૦૧૮ના રોજ તેની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આરોપી તરફે એડવોકેટ ઝમીર શેખે જામીન અરજી રજૂ કરી હતી. આ જામીન અરજીમાં તેમણે દલીલ કરી હતી કે, આરોપી સામે ચાર્જશીટ રજૂ થઈ ગઈ છે. રેલવે સ્ટેશન પર હજારો લોકોની અવર જવર હોય છે. પરંતુ પોલીસને એક પણ નજરે જોનાર સાક્ષી મળ્યો નથી. આ સાથે પોલીસે રજૂ કરેલી એફીડેવીટમાં પણ કોઈ ખાસ પુરાવો કે તથ્ય નથી. આરોપીને જામીન પર છોડવામાં આવે તો સાક્ષી પુરાવાઓ સાથે પણ કોઈ છેડછાડ કરશે નહીં. ૯માં એડીશનલ ડીસ્ટ્રીકટ જજે આરોપી ગોપાલ પંડીતને ૧૫ હજારના જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો.

ગંગાધરા પાટીદાર સમાજ ભવનમાં લગ્નપ્રસંગમાં ઘરેણાની ચોરી થઈ

સુરત

પલસાણા-ગંગાધરા પાટીદાર સમાજના હોલમાં લગ્ન પ્રસંગ એક ખેડૂતના ૬.૮૮ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જવાના એક કિસ્સામાં પલસાણા પોલીસે હોલની અંદર-બહારના સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્ર કર્યા હતા. આ સીસીટીવી ફૂટેજમાં ૧૫ અને ૩૦થી ૩૫ વર્ષના યુવાનો નજરે ચઢે છે. એવું પલસાણા પોલીસે જણાવ્યું હતું.

મૂળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના મઢી સુંદરનગરના રહેવાસી હાર્દિકભાઈ ગુણવંતભાઈ પટેલ ખેતીનો વ્યવસાય કરે છે. તેમની એક પુત્રીના લગ્ન પલસાણા-ગંગાધારા ગામ ખાતે આવેલા ચરોડીરીયા લેઉવા પાટીદાર સમાજના હોલમાં રાખવામાં આવ્યા હતા આ લગ્ન સમારોહ દરમિયાન સોના-ચાંદીના દાગીનાની જુદી-જુદી ૯ વસ્તુઓ કિંમત રૂા. ૬.૮૮ લાખની ચોરી કરી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા. કુલ્લે ૨૧ તોલા સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ હાર્દિકભાઈને પલસાણા પોલીસ મથકમાં નોંધાયા બાદ પોલીસે સમાજના હાલના સીસીટીવી ફૂટેજ એકત્ર કરી આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું.



રિંગરોડ ખાતે આવેલી રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં ચોરી કરતા સિક્યુરિટી એજન્સીના કર્મચારીઓની ધરપકડ કરી પોલીસ કાયદેસરની કાર્યવાહી શરૂકરતા એક અઠવાડિયાથી આંદોલન કરનાર વેપારીઓએ અંતે હડતાળ સંકેલી લેતા આજથી પુનઃમાર્કેટમાં કારોબાર શરૂથયો હતો.

એક સપ્તાહના આંદોલન બાદ આરકેટી માર્કેટમાં પુનઃ રાબેતા મુજબ કારોબાર

સિક્યુરિટી એજન્સી અને સ્ટાફ બદલાયો : માર્કેટના વહીવટ બિલ્ડરો પાસે યથાવત

સુરત

રાધાકૃષ્ણ ટેક્ષટાઈલ માર્કેટમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા જ ડુપ્લિકેટ ચાવીથી રવિવારે રજાના દિવસે દુકાનનું શટર ખોલી સેંકડો દુકાનોમાંથી છેલ્લા ઘણા મહિનાઓમાં કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થતા છેલ્લા ૬ દિવસથી માર્કેટ બંધ રહી હતી. જે આજે સવારથી શાંતિપૂર્વક વાતાવરણમાં શરૂ થઈ છે.

આરકેટી માર્કેટમાંથી ચોરીની ઘટના સંદર્ભે પીડિત દુકાનદારો અને વ્યાપારીઓમાં ભારે રોષ જોવા મળતા છેલ્લા ૬ દિવસથી માર્કેટ સંપૂર્ણ બંધ રહી હતી. ગતરોજ મંગળવારે પીડિત વ્યાપારીઓ દ્વારા મુખ્યમંત્રીને રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી દ્વારા સમગ્ર ઘટનાની જાણકારી મેળવી ડીજીપી શિવાનંદ ઝા અને સુરત પોલીસ કમિશનર સતિષ શર્માને જરૂરી નિર્દેશ આપ્યા હતા. પોલીસ દ્વારા તપાસ કામગીરી, આરોપીની ધરપકડ, ચોરીનો મુદ્દામાલ રીકવરની કામગીરીની ઝડપી બનાવવાની સાથે મુખ્યમંત્રી દ્વારા સમગ્ર ઘટનાનું મોનીટરિંગ કરવાની ખાતરી આપી હતી. તે ઉપરાંત આરકેટી માર્કેટના બિલ્ડર ધરમ પટેલ દ્વારા સિક્યુરિટી એજન્સી અને સિક્યુરિટી ગાર્ડ બદલી નાખતા આજથી આરકેટી માર્કેટ રાબેતા મુજબ શરૂ થઈ છે. માર્કેટનો મેનેજમેન્ટ હજી પણ બિલ્ડર ધરમ પટેલ પાસે જ છે. એક સપ્તાહ બાદ દુકાનો ખુલતા વ્યાપારીઓ દ્વારા માલ સ્ટોક મેળવી વ્યાપાર શરૂ કર્યો છે.

વેડરોડ શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળમાં ૮૫'મી સમન્વય રાજ્ય ગોષ્ઠી યોજાઈ

'મૂલ્ય શિક્ષણના પ્રેરક પ્રસંગો' વિષયનું વિમોચન

સુરત

શિક્ષણ સંવર્ધન અભિયાન " સમન્વય"– ગુજરાત દ્વારા ગુજરાતભરમાં ગોષ્ઠીનું નિયમિત રીતે આયોજન કરવામાં આવે છે, તેમાં શિક્ષકો, આચાર્યશ્રીઓ, શાળા સંચાલકશ્રીઓ વગેરે સહભાગી થતા હોય છે. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વેડરોડ ખાતે આયોજિત ૮૫મી સમન્વય ગોષ્ઠીમાં રાષ્ટ્રપિતા ગાંધી બાપુની " સાર્ધ શતાબ્દી" વર્ષને કેંદ્રમાં રાખીને વિવિધ વિષયોની પસંદગી કરવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ સમન્વય ગીતથી કરવામાં આવ્યો. શ્રીસ્વામિનારાયણ ગુરુકુળના આચાર્યશ્રી અરવિંદભાઈ ઠેસિયાએ કર્યું હતું તેમજ સમન્વય અંગે માહિતી મુખ્ય સંયોજક શ્રી પ્રતાપભાઈ ત્રિવેદીએ આપી હતી. આ ગોષ્ઠીમાં સમાજ શ્રેષ્ઠી શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, શ્રી વલ્લભભાઈ, સવાણી,પૂર્વ શિક્ષણમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, સુરત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાજ્યગુરુ સાહેબ, શ્રી પરિમલભાઈ દેસાઈ વગેરે ઉદ્ઘાટન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કર્યા હતા. સમન્વય મિત્રોએ વિવિધ પુસ્તકોની સમીક્ષા કરી હતી.શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓ તેમજ ભાવનગર ગ્રૂપ, પી.પી.સવાણી ગ્રૂપ અને રાજેશ-હેતલ ધામેલિયાએ ગાંધીજીના જીવન પ્રસંગો આધારિત નાટિકાઓ રજૂ કરી હતી. ડો.સંજય કોરિયા લિખિત " મૂલ્ય શિક્ષણના પ્રેરક પ્રસંગો" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના પુરાણી શ્રી અક્ષરપ્રિયદાસજી સ્વામીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ડૉ.મુકુલભાઈ ચોકસી, ડૉ.શરીફાબહેન વીજળીવાળા, ડો. મીનળબહેન દવે, ડો. મૂળજીભાઈ ભલાણી વગેરેએ તેમજ ડૉ.કુલદીપ ઠક્કર, શિલ્પાબહેન પટેલ, શ્રી રત્નાકર નાંગર, શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી વગેરેએ ગાંધીજીના જીવન આધારિત પુસ્તકો : "દાંડીકૂચ, હિંદ સ્વરાજ, દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહનો ઈતિહાસ, ગાંધીજીનું પહેલું જીવન ચરિત્ર, ગાંધી ફિલ્મો,ગુજરાતમાં ગાંધી કથા" વગેરે સુંદર રજૂઆત કરી હતી. શ્રી અલ્પેશભાઈ પટેલે " ગાંધી ક્વિઝ" દ્વારા ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું હતું.



ગેસ કંપનીમાં કોન્ટ્રાક્ટના ધારા ધોરણે કામગીરી કરતા ૫૦થી વધુ કારીગરોને કોન્ટ્રાક્ટર દ્વારા છૂટા કરી દેવાતા અડાજણ ખાતે આવેલી ગેસ કંપની સામે છૂટા કરાયેલા કર્મચારીઓએ આજે સવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

માંડવીના એરઠ ગામે સ્મશાન ભૂમિમાં માટી ચોરનાર માફીયાઓ સામે ફોજદારી

ભૂસ્તર વિભાગના સર્કલ ઓફિસરે ફરિયાદ નોંધાવી

સુરત

સુરત જિલ્લાનામાં આવેલ મોટાભાગના તાલુકાઓમાં રેતિ માફિયાઓ પોતાનો અડ્ડો જમાવીને બેઠા હોય તેમ વારંવાર ભૂસ્તકર વિભાગ દ્વારા સ્થળ ઉપર દરોડા પાડવામાં આવતા હોય છે.

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ અરેઠગામમાં આવેલ સ્મશાનને પણ રેતી માફિયાઓએ બાકી મુક્યું નથી, માટી ચોરો દ્વારા ગામીત સમાજના સ્મશાનમાંથી ગેરકાયદેસર માટી કાઢવામાં આવી રહી હતી. આ અંગે ફરિયાદ માંડવી પ્રાંત અધિકારીને મળતા તેમણે તપાસનો આદેશ આપ્યો હતો. માંડવી સર્કલ ઓફિસરે સ્થળ નિરીક્ષણ કરતા સ્મશાનભૂમિમાંથી માટી ચોરીનું કૌભાંડ સામે આવ્યું હતું અને ખોદકામમાંથી મહિલાનું હાજપિંજર પણ મળી આવ્યું હતું. જેથી સર્કલ ઓફિસરે ભૂસ્તર વિભાગને માટી ચોરી સામે કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ કરી હતી. માંડવીના અરેઠગામમાં રહેતા રહેવાસીઓએ માંડવી પ્રાંત ઓફિસર બારૈયાને માંડવીના અરેઠ ગામમાં આવેલ ગામીત ફળિયાથી ગવાછી તરફ જતા રસ્તા ઉપર આવેલા ગામિત સમાજના સ્મશાનભૂમિમાંથી માફિયાઓ દ્વારા માટી ચોરી કરવામાં આવી રહી હોવાની લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. જેના આધારે માંડવી પ્રાંત બારૈયાએ માંડવી સર્કલ ઓફિસર ગીરીશ પરમારને આ દિશામાં તપાસ કરવા સુચના આપી હતી. જેથી સર્કલ ઓફિસર દ્વારા અરેઠગામના આ સ્મશાનભૂમિમાં સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યાં માટી ચોરો દ્વારા સ્મશાનભૂમિમાંથી ગેરકાયદેસર રીતે ૨૦૦ ચો.મી. લંબાઈ અને પહોળાઈ તેમજ ૫૦ થી ૭૦ મીટર તેમજ ઉંડાઇ ૧૫ જેટલું ખોદકામ કરી માટી ચોરી કરવામાં આવી રહી હોવાની હકીકત પણ સામે આવી હતી. માટી ચોરો દ્વારા ગેરકાયદેસર માટી ખોદકામ દરમિયાન દફન કરેલું કંકાલ પણ બહાર આવી ગયું હતું. જેથી સર્કલ ઓફિસરે ભૂસ્તર વિભાગને લેખિત અરજી કરી માટી ચોરી કરનાર સામે અને સહયોગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ કરી છે.

મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકા ખાતે આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયમાં તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકા ખાતે આઝાદ દિન સ્મારિક કેળવણી મંડળ સંચાલિત મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયના તેજસ્વી તાલરાઓને પ્રોત્સાહિત કરવા વાલી મંડળ તેમજ સ્થાનિક કેળવણી મંડળ દ્વારા શનિવારના રોજવાર્ષિક ઈનામ વિતરણ સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવ તરીકે ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયતના સભ્ય અને ખેડૂત અગ્રણી દર્શન નાયકના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઓલપાડના માજી ધારાસભ્ય ધનસુખ પટેલ, જયેશ દેલાડ, તથા મુખ્ય મહેમાન જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયક, કાંઠા સુગર ચેરમેન કિરીટ પટેલ, મંડળના માનદમંત્રી જયંતિભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

મુખ્યમંત્રીએ શહેરી વિસ્તારના ઝડપી વિકાસને વધુ વેગવંતો બનાવવા

TP સ્કીમની મંજૂરીની સદી બાદ વર્ષ ૨૦૧૯માં આરંભે વધુ ૦૭ ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરી

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ શહેરી વિસ્તારમાં રાજયમાં પ્રથમવાર ટાઉન પ્લાનીગના ઇતિહાસમાં TP મંજૂરીની સદી ૨૦૧૮ના વર્ષમાં કર્યા બાદ એ જ ઝડપી વિકાસને વધુ આયોજીત અને વેગવંતો બનાવવાના ધ્યેય સાથે ૨૦૧૯ના વર્ષના પ્રારંભે જ અમદાવાદની વધુ ૦૫ ડ્રાફ્ટ TP સાથે કુલ ૦૭ ટાઉન પ્લાનીંગ સ્કીમને

અમદાવાદમાં જ છેલ્લા એક વર્ષમાં ૪૩ ડ્રાફ્ટ TP સ્કીમ મંજૂર

૩ હજારથી વધુ હેકટરમાં આયોજનને આખરી ઓપ મળ્યો

ડ્રાફ્ટ TPમાં રસ્તા-આંતરમાળખાકીય સુવિધાઓના ઝડપી અમલીકરણ માટે મુખ્યમંત્રીની સત્તામંડળોને સ્પષ્ટ સૂચના

EWS આવાસો માટે ૩.૭૩ લાખ ચો.મીટર જમીન પ્રાપ્ત થશે

૧ હજાર કરોડના કામો અમદાવાદની પાંચ ટી.પી. સ્કીમમાં થશે

મંજૂરી આપી છે.

આ ડ્રાફ્ટ સ્કીમ મંજૂર થતા સંબંધિત વિસ્તારોમાં રસ્તાઓના ઝડપી અમલીકરણ સાથેસાથ આંતરમાળખાકીય સુવિધામાં વૃધ્ધિ થશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રી શહેરી વિકાસ વિભાગનો પણ હવાલો સંભાળે છે. તેમણે છેલ્લા ૧૨ મહિનામાં અમદાવાદ શહેરમાં ૪૩ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીગ સ્કીમને મંજૂરી આપતા અંદાજે ૩ હજારથી પણ વધુ હેકટર્સ વિસ્તારમાં આયોજનને આખરી ઓપ મળ્યો છે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ રાજકોટ શહેરની વધુ એક પ્રારંભિક તથા એક ફાયનલ TP પણ મંજૂર કરી છે.

મુખ્યમંત્રીના સતત દેખરેખ અને સુચન નિર્દેશના કારણે TP ૨૦ (નાના મવા) મંજૂર થતા, રાજકોટ શહેરની એકપણ ડ્રાફ્ટ કે પ્રીલીમીનરી TP હવે સરકાર સમક્ષ મંજૂરી માટે બાકી નથી.

વિજયભાઇ રૂપાણીએ આમ છતાં TPO / CTP અને વિભાગને બાકી રહેતી TP પણ તાત્કાલિક પૂર્ણ થાય અને શહેરના વિકાસમાં TP નો વિલંબ બાધારૂપ ના બને તેવા દિશા નિર્દેશ આપ્યા છે.

આ મંજૂર થયેલી TP ૨૦ (નાના મવા)નો કુલ વિસ્તાર આશરે ૯૦.૦ હેકટર્સ છે જેમાં સત્તામંડળને ૪૨૮૭૮ ચો.મી. ના વેચાણના હેતુ માટેના પ્લોટ, ૨૭૬૬૩ ચો.મી. સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેના પ્લોટ, જાહેર સુવિધા માટે ૧૧,૯૭૬ ચો.મી. સહ ખુલ્લી જગ્યા/બગીચા/ પાર્કિંગ માટે ૯૩૧૫ ચો.મી. ના પ્લોટો સંપ્રાપ્ત થશે.

આ ઉપરાંત ફાયનલ TP નં. ૧૦ (નાના મવા) ને પણ મંજૂરી આપતા રાજકોટ શહેરના નગર આયોજનમાં એક વધુ યશકલગી ઉમેરાઇ છે.

મુખ્યમંત્રીએ AUDA ની જે પાંચ ડ્રાફ્ટ TP સ્કીમને મંજૂરી આપી છે તેમાં (૧) ૪૫૪ (હંસપુરા) (૨) ૫૦૫ (કઠવાડા) (૩) ૨૪૩ (રણાસણ-મુઠીયા-ચિલોડા) (૪) ૪૧૬/એ (વસ્ત્રાલ) અને (૫) ૧૧૭ (કઠવાડા)નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ મંજૂર કરેલ અમદાવાદની આ ૦૫ ડ્રાફ્ટ TPને કારણે વધુ ૭૫૦ હેકટર્સ ઉપરાંતની જમીનનો સુઆયોજિત વિકાસ થઇ શકશે. અંદાજિત રૂ. ૧૦૦૦ કરોડના કામો પણ આ ૫ TP સ્કીમમાં કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

આ ડ્રાફ્ટ મંજૂરીથી અમદાવાદ શહેરને ૧૧૫ હેકટર્સ જેટલી જમીન રસ્તાઓ માટે અને આશરે ૧૫૨.૪૮ હેકટર્સ જમીન અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીને બાગ-બગીચા, ખુલ્લી જમીન, સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટીઝ તેમજ આર્થિક-સામાજીક વર્ગના લોકોના રહેણાંક અને વાણિજ્ય રહેણાંકના વેચાણ હેતુથી સંપ્રાપ્ત થવાની છે.

ખાસ કરીને આ પાંચ ડ્રાફ્ટ સ્કીમ મંજૂર થવાથી આર્થિક અને સામાજીક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાણ માટે ૩,૭૨,૬૧૫ ચો.મી. જમીન સંપ્રાપ્ત થતા, શહેરી વિસ્તારમાં સામાન્ય માનવીના ઘરના ઘરનું સ્વપ્ન પુરૂ થવામાં કદમ આગળ વધશે.

તદુપરાંત જાહેર સુવિધા માટે ૨,૨૪,૦૨૪ ચો.મી. અને ખુલ્લી જગ્યા/બાગ બગીચા માટે ૩,૪૧,૭૧૦ ચો.મી. જમીન સંપ્રાપ્ત થતા, પૂર્વ અમદાવાદના વિસ્તારને પણ પશ્ચિમ અમદાવાદ જેમજ વિકાસના પંથ પર લઇ જવાનો મુખ્યમંત્રીનો સંકલ્પ પાર પડશે.

મુખ્યમંત્રીએ જે ઝડપથી ડ્રાફ્ટ સ્કીમને મંજૂરી અપાય છે તે જ ઝડપથી તે જ રીતે કાર્યવાહી કરીને આ ડ્રાફ્ટ TPમાં રસ્તા તેમજ આંતરમાળખાકીય સુવિધાનું અમલીકરણ થવા માંડે તે અંગે પણ સત્તામંડળોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

તેમણે આ બધી ડ્રાફ્ટ સ્કીમ ત્વરાએ ફાયનલ કરવા ટાઉન પ્લાનીગ ઓફીસર્સને તાકિદ પણ કરી છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં વિપુલ માત્રામાં મંજૂર થયેલી ડ્રાફ્ટ TP ની સંખ્યા ધ્યાને લઇ ૦૬ નવા ટાઉન પ્લાનીંગ ઓફીસર્સની નિમણૂક માટેના પણ આદેશો મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વિભાગને આપેલ છે.

માર્કેટ બેઇઝ્ડ એન્વાયરમેન્ટલ રેગ્યુલેટરી મીકેનિઝમ અપનાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય

આ વિષયક યોજાયેલાં સેમિનારનું મુખ્યમંત્રી ઉદઘાટન કરશે

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબી દ્વારા ઔદ્યોગિક તથા આર્થિક વિકાસ સાથે પર્યાવરણ જાળવણીના લક્ષ્યને હાંસલ કરવા તથા ગુજરાત ના ઔદ્યોગિક એકમો માટે "માર્કેટ બેઝ્ડ એન્વાયરમેન્ટલ રેગ્યુલેટરી મીકેનીઝમ" અપનાવવાનું નક્કી કરેલ. આ પ્રકારની સીસ્ટમ અન્ય વિકસિત દેશોજીછ, ઓસ્ટ્રેલિયા, જાપાન, ન્યુઝીલેન્ડમાં કાર્યરત છે. સમગ્ર દેશમા "માર્કેટ બેઝ્ડ એન્વાયરમેન્ટલ રેગ્યુલેટરી મીકેનીઝમ" અપનાવનારું ગુજરાત પ્રથમ રાજય છે.

GPCB દ્વારા અબ્દુલ લતીફ જમીલ પોવર્ટી એક્શન લેબ (JPAL), એનર્જી પોલિસી ઇન્સ્ટિટ્યુટ ઓફ શિકાગો યુનિવર્સિટી (EPIC), અને હાવર્ડ યુનિવર્સિટી ના Evidence fro policy design (EPOD), ના સહયોગથી ગુજરાતના ઔદ્યોગિક એકમોમાં "emission trading" અર્થે CEMS નો વપરાશ લાગુ કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. આ પ્રોજેક્ટ કેંદ્ર સરકારના પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા દેશના ચુનિંદા રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં CPCB ના સંકલન હેઠળ શરૂ કરવામાં આવેલ. ગુજરાત રાજય તેમાનું એક છે. પર્યાવરણીય કાયદાઓના વધુ સારા અમલીકરણ માટે emission trading યોજના લાગુ કરવા માટે ગુજરાત રાજયના ઔદ્યોગિક એકમોમાં માળખુ સ્થાપવામાં સફળ રહ્યું છે.

આ પ્રયત્નો સાથે આ ક્ષેત્રે વધુ પ્રગતિ અર્થે, GPCB દ્વારા JPAL, EPIC તથા EPOD ના સહયોગથી "માર્કેટ બેઝ્ડ એન્વાયરમેન્ટલ રેગ્યુલેટરી મીકેનીઝમ" પર ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે આ વર્કશોપમાં વિશ્વભરમાંથી વિષયના તજજ્ઞો, અગ્રણી ઉદ્યોગકારો, શિક્ષણવિદો, પોલીસી મેકર્સ હાજરી આપશે તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની મોર્ડન મોનીટરીગ ટેકનોલોજીનો ભારતમાં પ્રદૂષણ નિયંત્રણ તથા emission trading ના અમલીકરણ બાબતે વિચાર/વિમર્શ કરવામાં આવશે.

આ વર્કશોપનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી, વિજયભાઇ રૂપાણી તથા કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજયકક્ષા મંત્રી જયદ્રથસિંહજી પરમાર દ્વારા કરવામાં આવશે તથા આંતરરાષ્ટ્રીય વિષય નિશ્ણાત તરીકે શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર માઈકલ ગ્રીનસ્ટોન અને હાર્વર્ડ કેનેડી સ્કૂલના પ્રોફેસર રોહિની પાન્ડે હાજરી આપશે.

રાજયમા ઔદ્યોગિક ક્ષેત્રની સાથે પર્યાવરણ સંરક્ષણ માટે પણ પ્રગતિના નવા સોપાન સર કરવાના પંથે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અબ્દુલ લતીફ જમીલ પોવર્ટી એક્શન લેબ (JPAL) અને એનર્જી પોલિસી ઇન્સ્ટિટ્યુટ ઓફ શિકાગો યુનિવર્સિટી (EPIC) સાથે tripartiate MOU પણ કરવામા આવી રહ્યાં છે.

નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ સોસાયટી વડોદરા દ્વારા માર્ગદર્શન સેમિનાર યોજાશે

વડોદરા,નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ સોસાયટી વડોદરા જિલ્લા-શહેરમાં કાર્યરત છે, જેના અધ્યક્ષ જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ છે. તા.૧૨ જાન્યુ.ના રોજ વિશ્વ દિકરી દિનની ઉજવણી નિમિત્તે નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ સોસાયટી વડોદરાના નવ ખાસ તાલીમ વર્ગોમાં અભ્યાસ કરતી ૯ થી ૧૪ વર્ષની વય ધરાવતી ૧૨૦ બાળશ્રમિક કન્યાઓને તબીબી માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્ય સાથે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧૬ જાન્યુઆરી-૨૦૧૯ને બુધવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે કલ્યાણ પ્રાસાદની હવેલી, બાજવાડા, માંડવી ખાતે યોજવામાં આવનાર આ સેમિનારમાં જમનાબાઇ હાઇસ્કુલના ગાયનેકોલોજીસ્ટ્સ ઉપસ્થિત રહી વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે. જેમાં તરૂણાવસ્થા દરમિયાન લેવાની જરૂરી કાળજીઓ વિશે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. બાળકીઓને જેન્ડર બ્રેકિંગ સ્ટોરીઓ ટાઇપ, આર્ટ ઓફ લર્નિંગ વિશે સમજણ આપવામાં આવશે. સેમિનારમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ ફાઉન્ડર અને ચીફ એક્ઝ્યુક્યુટિવ શ્રીમતી પ્રિયા સિંઘ, ગાયનેકોલોજીસ્ટ જિજ્ઞા નાયક, ડેન્ટિસ્ટ જયમીન ગોસાઇ, હાઇજિન એન્ડ કેર શ્રુતિ શ્રવ્યા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે, તેમ મદદનીશ શ્રમ આયુક્ત અને નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેક્ટ સોસાયટી વડોદરાના મેમ્બર સેક્રેટરી શ્રીમતી એસ.એસ. મેકવાનની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીનો મહત્વપૂર્ણ નિર્ણય

રાજ્યની સરકારી યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી-બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને ૧ જાન્યુઆરી-૨૦૧૯થી સાતમા પગાર પંચ મુજબ પગાર ચૂકવાશે

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યની સરકારી યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી-બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલ આપવાનો નિર્ણય કર્યો છે.

આવા કર્મચારીઓને તા. ૧ જાન્યુઆરી-૨૦૧૯થી સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ મુજબ પગાર ચુકવવામાં આવશે.

જયારે કે તા. ૧ જાન્યુઆરી-૨૦૧૬થી તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૮ સુધીના પગાર ભથ્થા પેટે ચુકવવાની થતી એરિયર્સની રકમ ભારત સરકાર તરફથી મળવાપાત્ર તફાવતની રકમ મળ્યા બાદ રાજય સરકાર નિયત કરે તે મુજબ ચુકવવામાં આવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે તા.૧/૧/૨૦૧૬ થી તા.૩૧/૩/૨૦૧૯ સુધીનું કુલ એરિયર્સ ૯૦૪.૨૧ કરોડ રૂપિયા ચુકવવાનું થાય છે તે પૈકી ભારત સરકાર પાસેથી ૫૦ ટકા લેખે રૂપિયા ૪૫૨.૧૧ કરોડ મળવાપાત્ર થશે.











સુરતથી શારજહાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે એર ઈન્ડિયા એક્સપ્રેસનું બુકિંગ શરૂ

સુરત

શહેરીજનોની અતુરતાનો અંત હવે નજીક આવી રહ્યો છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦મી જાન્યુઆરીએ બપોરે દોઢ કલાકે સુરત શારજહાં ફ્લાઈટ સાથે કરશે. રેગ્યુલર ઈન્ટરનેશનલ ફ્લાઈટ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૯ થી શરૂ થશે. સુરતના સાંસદ સી.આર. પાટીલ દર્શના જરદોશ, સુરત એરપોર્ટ એકશન કમિટિ(સાક), ચેમ્બર ઓફ કોમર્સ સહિત શહેરની વિવિધ સંસ્થાઓ અને સુરતવાસીઓની લાંબી લડતના અંતે આગામી ૩૦મી જાન્યુઆરીના રોજ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે. ૩૦મીએ બપોરે દોઢ વાગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતથી શારજહાં ફ્લાઈટનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ સુરતથી શારજહાં માટે સમાહમાં બે દિવસ માટે ૧૬મી ફેબ્રુઆરીથી રેગ્યુલર ફ્લાઈટ શરૂ થશે. શારજહાંથી દર સોમવાર અને શનિવારે સાંજે ૭.૩૫ કલાકે ફ્લાઈટ ઉપડશે. જે રાત્રે ૧૧.૪૫ કલાકે સુરત પહોંચશે. સુરતથી દર મંગળવાર અને રવિવારે ફ્લાઈટ રાત્રે ૧૨.૩૦ કલાકે ઉપડશે અને ૨.૧૫ કલાકે શારજહાં પહોંચશે. ૧૬ ફેબ્રુઆરીથી સુરતથી રેગ્યુલર ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા આજથી બુકિંગ શરૂ કરી દીધું છે. ૧૬મી ફેબ્રુઆરીએ શારજહાંથી સુરત માટે ૯૬૬૯ રૂપિયા અને ૧૭મી ફેબ્રુઆરીએ સુરતથી શારજહાં માટે ૮૧૩૮ રૂપિયાનું લોએસ્ટ એરફેર ઓનલાઈન બતાવે છે. સુરતને ઈન્ટરનેશનલ ફ્લાઈટની આતુરતાથી રાહ જોનારા સુરતીઓ હવે ઈન્ટરનેશનલ ફ્લાઈટની બુકિંગને પણ સહકાર આપશે જેથી ભવિષ્યમાં સુરતને વધુ ઈન્ટરનેશનલ કનેક્ટીવિટી અને ફ્લાઈટ મળવાની શક્યતા પ્રબળ બનશે.

તા.૩૦'મીએ વડાપ્રધાન સુરત એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ફ્લાઈટને લીલી ઝંડી દેખાડશે : ૧૬'મી ફેબ્રુઆરીથી રેગ્યુલર ફ્લાઈટ શરૂ કરાશે

વરાછામાં દુકાનના ઓટલા પર મુકેલી ચોખાની ૧૨ ગુણીઓ ચોરાઈ

ત્રણ યુવકો રિક્ષામાં ચોખાની ગુણીઓ ભરી લઈ ગયા

સુરત

વરાછા અંબિકા ટ્રેડિંગ કંપનીના ઓટલા ઉપરથી રિક્ષામાં આવેલા ત્રણ યુવકો રૂા. ૮૧૦૦ની કિંમતના બાર ચોખાના કટ્ટા ચોરી કરી ગયા હતા. વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા મોહનની ચાલ અંબિકા ટ્રેડિંગ કંપનીના ઓટલા ઉપર અનાજના કટ્ટા મુકાયેલા હતા. ગત તા. ૬/૧૧/૨૦૧૮ના રિક્ષામાં આવેલા ત્રણ અજાણ્યા યુવકો ચોખાના બાર કટ્ટા (કિંમત રૂા. ૮,૧૦૦)ની ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે દુકાન માલિક અનિતભાઈ લાલચંદ ગુપ્તાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે વરાછા પોલીસે દુકાન માલિક અનિતભાઈ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મહિલા ખેલાડીઓ માટે સરકારની પુરસ્કાર યોજનામાં અરજી મંગાવાઈ

નવસારી

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં મહિલા ખેલાડીઓ એ વિવિધ રમતોની રાજયકક્ષાની વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અં-૧૪,૧૭,૧૯ અને સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હોય તથા સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા મહિલા ખેલાડીઓને કોઈપણ એક જ રમતમાં તેમજ એક જ સિદ્ધિ માટે મહિલા પુરસ્કાર યોજના માટેનું ફોર્મ ભરીને તા.૩૧/૧/૧૯ સુધીમાં સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જવાહરલાલ નહેરૂ શોપીંગ સેન્ટર શોપનં-૧/૨ ઘાંચી પંચની વાડી સામે, દુધિયા તળાવ નવસારીને અચુક મોકલી આપવાની રહેશે. વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલી મહિલા ખેલાડીઓ પણ અરજી કરી શકશે એમ જણાવાયું છે.

ધી ભાયાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભાયાપુરાની ધી ભાયાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડન ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કર્યો છે અને તેના ફડચા અધિકારી તરીકે તેમની કચેરીના સહકારી ફડચા અધિકારી નં. ૪ની નિમણૂક કરી છે. આ હુકમ સામેના વાંધા-રજુઆતો એક મહિનાની મુદતમાં તેમની કચેરીમાં રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

સ્ટોપ પ્લાસ્ટિક અને મહિલા સશક્તિકરણનો સંદેશ લઈને નીકળેલી સાયકલ યાત્રા હળવદ આવી પહોંચી



અરુણાચલ પ્રદેશ થી ગુજરાત ના કોટેશ્વર સુધી સ્ટોપ પ્લાસ્ટિક અને મહિલા સશક્તિકરણ નો સંદેશ લઈને નીકળેલી આજરોજ હળવદ આવી પહોંચી હતી મહારાષ્ટ્ર ની વિદ્યાર્થીની સાયલી મિલિંદ મહારાવ (ઉ.વ ૨૦) અને TY.B.A માં અભ્યાસ કરે છે અને તેમની સાથે અભિજીત બાલુ ગવલી (ઉ.વ ૨૦) જે TY.BCA આ બંને વિદ્યાર્થી શ્રી શાહુ મંદિર મહાવિદ્યાલય,પુના પર્વતી માં અભ્યાસ કરી રહ્યા છે બને વિદ્યાર્થી મહારાષ્ટ્ર ના રહેવાસી છે પુના અને મુંબઈ ના રહેવાસી છે

જેમાં ગત વર્ષે સાયલી મહારાવ એ કાશ્મીર થી કન્યાકુમારી ની ૪૦૦૦ કી.મી ની યાત્રા કે જે ૮ રાજ્ય માંથી પસાર થઈ હતી તે સાયકલ યાત્રા માત્ર ૩૫ દિવસ માંજ પુરી કરી અને રેકોર્ડ તોડ્યો હતો. અને આ વર્ષે બને વિદ્યાર્થીઓ અરુણાચલ પ્રદેશ થી ગુજરાત ની ૩૯૦૦ કી.મી ની યાત્રા સાયકલ પર કરી રહ્યા છે આ યાત્રા નો ઉદેશ સ્ટોપ પ્લાસ્ટિક અને મહિલા સશક્તિકરણ નો છે અને તે સંદેશો લઈને નીકળેલી યાત્રા આજરોજ હળવદ પહોંચી હતી આ વિદ્યાર્થીઓ ૫ ડીગ્રી થી લઈને ૧૦ ડીગ્રી સુધી માં અને રોજ નું ૧૨૦ થી ૧૩૦ કી.મી સુધી નું અંતર કાપી રહ્યા છે અને અત્યાર અરુણાચલ પ્રદેશ , આસામ , પશ્ચિમ બંગાળ , બિહાર , ઉત્તરપ્રદેશ , રાજસ્થાન થી ગુજરાત એમ ૭ રાજ્ય માં પસાર થઈ આજરોજ હળવદ જનતા ફૂડ મોલ ખાતે ટૂંકું રોકાણ કર્યું હતું અને ત્યાં હાજર કેદારભાઈ રાવલ અને મહેશભાઈ નાડોદા સહિત હાજર સૌ એ ફૂલ હાર થી સન્માન કરી અને હર્ષભેર આવકાર્યા હતા અને તેમના ઉમદા વિચારો ને વંદન કરી અને આવકાર્યા હતા.













રાજપીપળામાં ઐતિહાસિક વારસાના જતન માટે ઈન્ટેકટ ચેપ્ટર દ્વારા એક જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



રાજપીપળાના મહારાણીએ સૂરોના તાર છેડી સાંસ્કુતિક કાર્યક્રમને રોશન કર્યું: મુંબઈના સંગીતકાર શિવરામ, રાજપીપળાના લલિત રામકૃષ્ણ અને સંગીત શનિવારીના કલાકારો એ રમઝટ બોલાવી

રાજપીપળા : રાજપીપળાના રાજવી પરિવાર વારા ૧૧૦ વર્ષ જુના ઐતિહાસિક દરબાર હોલ ખાતે ઈન્ટેક ચેપ્ટર દ્વારા એક સાંસ્કુતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઈન્ટેક ચેપ્ટરના કન્વીનર એવા મહારાણી રુક્મણિ દેવી તથા કો. કન્વીનર વિજયસિંહ, ગજેન્દ્રસિંહ, ભાઈલાલ પરમાર દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહારાજા રઘુવિરસિંહ ગોહિલ, પાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ,સ્મિતાબા અલ્કેશસિંહ ગોહિલ, આચાર્ય શૈલેન્દ્રસિંહ માંગરોલા, મુંબઈના સંગીતકાર શિવરામ, રાજપીપળાના લલિત, રામકૃષ્ણ અને સંગીત શનિવારીના ભરતસિંહ માંગરોલા તથા તેમની ટીમના કલાકારો એ રમઝટ બોલાવી હતી.

આ બાબતે મહારાણી રુક્મણિ દેવી એ જણાવ્યું હતું કે ઈન્ટેકટ ચેપ્ટર દ્વારાઐતિહાસિક ઈમારતોની જાળવણી સાથે સાંસ્કુતિક જાળવણી માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે અને જેના માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે સંગીત પણ આપણો એક વારસો છે અને તેનું જતન થવું જોઈએ એવા હેતુ થી જયાં ૧૦૦ વર્ષ પહેલા સાંસ્કુતિક કાર્યક્રમો રાજાઓ દ્વારા યોજાતા એ દરબારી રાજવી હોલ ખાતે આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. મને પણ સંગીતનો ઘણો શોખ છે માટે મેં પણ મલ્હાર રાગના તાર જોડ્યા, મારી સાથે શિવરામ આઠે ૮ વર્ષના બાળકે પણ સુંદર સારેગામાં ગાયું હતું.

રાજયની ચાર યુનિવર્સિટીઓમાં ૨૭૫ કલાર્કની ભરતી આવી છે ૧૨ પાસ હોય એવા પણ મિત્રો એ ફોર્મ ભરી દેવા

સારી નોકરી છે...તા- ૨૬/૧૨/૨૦૧૮ થી તા-૨૫/૧/૨૦૧૯ સુધી અરજી કરી શકાશે

રાજય કૃષિ યુનિવર્સિટીઓની કચેરીઓમાં નીચે દર્શાવેલ બિન-શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ-3) જુનીયર કલાર્કની જગ્યાઓ ક્રિકસ પગારથી (રૂા.૧૯,૯૫૦/-પ્રતિ માસ) પાંચ વર્ષના સમયગાળા માટે (પાંચ વર્ષ પૂર્ણ થયેથી નિયમીત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રીક્ષ રૂા.૧૯૯૦૦-૬૩૨૦૦) કરારના ધોરણે નિમણૂંક આપવાની થતી હોઇ, જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. નિમણૂંક અપાયેલ ઉમેદવારોને પાંચ વર્ષ બાદ સરકારશ્રીના ધારા-ધોરણ મુજબના નિયત પગાર ધોરણમાં મુકવા અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

ક્રમ	રાજય કૃષિ યુનિવર્સિટીઓ	જગ્યાઓની સંખ્યા	દરેક જાતિ પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા				કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત				કુલ જગ્યાઓ પૈકી	
			બિન અનામત	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	બિન અનામત	સા.શૈ.પ. વર્ગ	અનુ. જાતિ	અનુ. જન જાતિ	માજી સૈનિક	શા. ખો. ખા
૧	આણંદ	૧૦	૩૬	૧૪	૦૩	૦૭	૧૨	૦૪	૦૧	૦૨	૦૧	૦૨
૨	જૂનાગઢ	૬૭	૪૯	૨૬	૦૭	૧૫	૧૬	૦૯	૦૨	૦૫	૧૦	૦૪
૩	નવસારી	૩૨	૨૨	૦૭	૦૧	૦૨	૦૭	૦૨	૦૦	૦૦	૦૩	૦૦
૪	સ.કૃ.નગર	૧૮	૪૩	૧૧	૦૦	૦૬	૧૪	૦૭	૦૦	૦૩	૦૭	૦૦

ઓનલાઇન અરજી, અનામત, શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, નિયમો અને શરતો અંગેની સંપૂર્ણ વિગતો રાજયની કૃષિ યુનિવર્સિટીઓની website: www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર તા.૨૬/૧૨/૨૦૧૮થી જોઇ શકાશે અને ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.૨૫/૦૧/૨૦૧૯ રહેશે. ત્યારબાદ જાહેરાત સબંધિત વખતો વખત પ્રસિધ્ધ કરવાની થતી સુચનાઓ ઉપરોકત યુનિવર્સિટીઓની વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ ભરવાના તમામ હકકો, રાજય કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાતને અબાધિત રહેશે.

ચીખલીમાં મોટર સાયકલ સ્લીપ થતા ચાલકનું મરણ

સુરત

ચીખલી તાલુકાના પોંકડા ખુંધ ગામે મોટર સાયકલ સ્લીપ થઈ જતા ચીખલીના દોણજા ગામના શ્રમજીવી યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા થતા કરૂણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના દોણજા ગામે નવાનગરમાં રહેતો કિરણ ઉર્ફે ભીખુ વિનોદભાઈ હળપતિ ઉ.વ.૨૦ ગઈકાલે રાત્રે પોતાની પલ્સર મોટર સાઈકલ નં.જીજે-૨૧-એલ-૧૯૨૯ પર પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ક્યાંક જઈ રહ્યો હતો. તે દરમ્યાન ગતરાત્રે ૮.૪૦ વાગ્યે ચીખલી નજીક પોંકડા ખુંધ ગામની સીમમાં કિરણે મોટર સાયકલ પરથી કાબુ ગુમાવી દેતાં સ્લીપ થઈ જતા તે રસ્તા પર પટકાયો હતો. કિરણને માથાના ભાગે તથા મોંઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહી લુહાણ હાલતમાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરતા સારવાર દરમ્યાન કિરણનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ જે.આર. ગામીત વધુ તપાસ કરી રહ્યા છે.

સોશિયલ મીડિયામાં યુવકને ખોટી રીતે બદનામ કરનારની ધરપકડ

ગુનો નોંધાયા બાદ અમરોલી પોલીસે આરોપીની ધરપકડ કરી

સુરત

મોટા વરાછા-ચોવીસા ટેકરા ખાતે રહેતા અને કણબી કાછીયા સમાજના એક યુવકને સમાજમાં બદનામ કરવાના ઈરાદે એક માસુમ બાળાત્કારનો ભોગ બનેલી પીડિતા સાથે યુવકનો ફોટો ચોટાડી વાયરલ કરવાના ગુનામાં અમરોલી પોલીસે પાલ સાંઈદર્શન એપાર્ટમેન્ટ ખાતે રહેતા એક આરોપીની આઈટી એકટ મુજબ ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાવરાછા-ચોવીસા ટેકરા ખાતે આવેલા ઘર નંબર-૫૧૬માં મેહુલ ચંદુભાઈ પટેલ રહે છે. ૨૨ વર્ષના આ યુવક કતારગામ અમૃત જેમ્સમાં કોમ્પ્યૂટર ડેટા એન્ટ્રીની નોકરી કરે છે. ગત તા. ૨૯મી ડિસેમ્બરના ૨૦૧૮ના રોજ મેહુલ અને તેમના સગાસંબંધીઓ પાલ ખાતે એક યુવતીને જોવા માટે ગયા હતા. ત્યારબાદ તેઓ ઘરે પરત આવ્યા હતા. પાલ સાંઈદર્શન સોસાયટીના ફલેટ નંબર-૨૦૧માં રહેતા હર્ષ અનિલભાઈ પાનવાળાએ વૈદેહી નામની યુવતી સાથે સગપણ ના થાય તે માટે મેહુલને સામાજિક રીતે બદનામ કરવા માટે માસૂમ પીડિતાની સાથે યુવકના ફોટા મૂકીને વ્હોટ્સએપ પર વાયરલ કરી નાખવામાં આવ્યા હતા. મેહુલે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હર્ષ પાનવાળાની ધરપકડ કરી હતી.

ઉત્તરાયણની ઉજવણીમાં સગીરા છોકરીને બિભત્સ ઈશારા કરવાને મુદ્દે મારામારી

યુવકોને ઠપકો દેવા જતા મારમારી ધમકી આપી

સુરત

જહાંગીરપુરા વિસ્તારમાં વાસી ઉત્તરાયણના દિવસે અગાસી ઉપર બે યુવકો તેર વર્ષની કિશોરીને બિભત્સ ઈશારા કરતા પિતાએ ઠપકો આપવા જતાં આરોપીઓએ ધક્કા-મુક્કી કરી પોલીસમાં ફરિયાદ કરશે, તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જહાંગીરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદી અને તેનું પરિવાર તા. ૧૫મીના રોજ અગાશી ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે આરોપી કલ્પેશ મધુભાઈ પટેલ (રહે. યોગેશ્વર સ્ટ્રીટ ડેલાસા), પ્રિતમભાઈ જગદીશભાઈ પટેલ (રહે. જાનકી રેસિડેન્સી કેનાલ રોડ) ના ફરિયાદીની ૧૩ વર્ષિય દીકરીને બિભત્સ પ્રકારના ઈશારા કરી છેડતી કરી હેરાન-પરેશાન કરતા હતા.

આ અંગે ફરિયાદી કહેવા જતા આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી ધક્કા-મુક્કી કરી હતી. અને પોલીસમાં ફરિયાદ કરશે. તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે જહાંગીરપુરા પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેલ્યુએડ છે જગ્યા

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઇચ્છિત નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવામાં વધારો મેળવી સ્વમાન પેસામાંથી

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડીપ્લોમા ઓફ સાયન્સ ઈન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ઓછામાંઓછા ત્રણ વર્ષ થયા હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને ઓબીસી વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ફ્રીમાં ટયુશન ફી માફ કરી આપવામાં આવશે.
- જાહેર સ્કોલરશીપ લોન ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે.
- કોર્સ પુરો થયેથી ૩૦ ટકાથી વધારે ઉંચા પગારથી ગુજરાતની ઓછામાં ઓછી ૩૦૦ પથારી ધરાવતી કોર્પોરેટ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોમમાં નોકરી કરવાની તક મળશે.
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ વિષયો ભણાવશે.
- હોસ્ટેલની સુવિધા, પુરતા સ્ટાફ સાથે ફ્રીમાં ટીફીન સાથે ૩ ટાઈમ જમવાની સુવિધા
- પુરા કોર્સનો ખર્ચો ફીમાં સમાવેશ થાય છે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





નર્મદામાં ઠંડીનું મોજું ફરી વળતા કેળાનાં પાકને વ્યાપક નુકસાન

પહેલા સિગાટોકા નામનો રોગ ફેલાયા બાદ હવે હિમ પડતા ખેડૂતોને આર્થિક ફટકો

જિલ્લામાં આ વર્ષે કેળાનું ૨૦,૫૮૩ એકર (૨૪૬૯૯૬૦૦ છોડ)નું વાવેતર છે



રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં માફક જમીન અને અનુકૂળ આબોહવાને કારણે કેળાની ખેતી વ્યાપક પ્રમાણમાં થાય .જિલ્લાાં આ વર્ષે કેળાનું ૨૦,૫૮૩ એકર (૨,૪૬,૯૯,૬૦૦ છોડ)નું વાવેતર છે અને સારી ક્વોલિટીના કેળા ઉત્પાદન થતા હોય આ કેળાની છેક વિદેશ સુધી નિકાસ પણ થાય છે. ત્યારે હાલ લગભગ ૭૩% કેળાના પાકમાં હીમની અસર દેખાતા કેળા પકવતા ખેડૂતોને ભારે નુકશાન થયું છે ખેડૂતોને આ સીઝનમાં પ્રથમ સિગાટોકા અને હવે હીમ (કાતીલ ઠંડી) પડવાને કારણે ઉત્પાદન ક્ષમતા ઓછી થશે તો ગુણવત્તા પર અસર પડશે બીજીબાજુ સામે સેન્દ્રીય ખાતરનો ખર્ચ વધ્યો છે.જેના કારણે ધરતીપુત્રો પાયમાલ થઈ રહ્યા છે ત્યારે આમ અચાનક એક બાદ એક કુદરતનો માર કઈ રીતે ખેડૂતો સહન કરશે અને નર્મદાના ખેડૂતોને આ હાલત માંથી હવે એમને કોણ બહાર લાવશે એ કહેવું મુશ્કેલ છે.

ખાસ કરીને સિગાટોકા અને હીમ પડવાથી વધારે નુકસાન ત્યાં થયું છે,જ્યાં કેનાલના પાણીનો ઉપયોગ કરાય છે. કેનાલનું પાણી સંગ્રહિત થયેલું અને વરસાદી પાણી હોય છે જેના કારણે પાણી પ્રમાણમાં ઠંડુ હોય છે.અને બોરવેલનું પાણી પ્રમાણમાં સામાન્ય પાણી કરતા થોડું હૂંફાળું હોય છે.જેથી જ્યાં કેનાલના પાણીથી ખેતી થાય છે ત્યાં આ હીમ થી થયેલ નુકસાન વ્યાપક છે.

એમોનિયમ સલ્ફેટ અને પોટાશ ખાતરનો ઉપયોગ કરવાથી નુકસાની ઓછી કરી શકાય

નાંદોદ જિલ્લામાં કેળાની ખેતીમાં સલાહકાર તરીકે સેવા આપતા સને કૃષિ યુનિવર્સિટીનાં ડીગ્રી ધારક સંદીપ પટેલે જણાવ્યું હતું કે,હીમ પડવાથી થતી વિપરીત અસરો વિશે માહિતી આપી હતી,ઠંડીના સમયમાં કેળમાં પાણી આપવાને કારણે ભેજનું પ્રમાણ વધે છે અને કેળના મૂળ ખોરાક બનાવી શકતા નથી અને બીજી બાજુ કેળાના પાનમાં રહેલા છિદ્રો ઝાકળને કારણે પુરાઈ જાય છે અને પ્રકાશ સંશ્લેષણ ની પ્રક્રિયા ધીરી પડતા જ પાકનો ગ્રોથ ૩ મહિના સુધી મોડો ાય અને ગુણવત્તા પર પણ અસર પડે છે.તો હીમ ની અસરોથી પાક બચાવવા અને પાકસુધારણા માટે બોરવેલના પાણીથી સિંચાઈ કરવી આવશ્યક છે અને તે પણ ડ્રિપ ઈરીગેશનથી નહીં પણ છૂટ્ટુ પાણી આપવું જોઈએ.તો એમોનિયમ સલ્ફેટ અને પોટાશ ખાતરનો ઉપયોગ કરવાથી નુકસાની ઓછી કરી શકાય.

- સંદીપ પટેલ, (કેળ પાક વિષેશજ્ઞ)

ખેડૂતો હવે આવતા વર્ષે કેળાની ખેતી કરતા વિચાર કરશે

કેળાના વાવેતરના ૪ મહિના બાદ કેળા લાગવાનું શરૂ થાય છે.જેને નિંગલ પ્રક્રિયા કહેવાય છે.પણ સિકાટોકા બાદ આમ પણ આ નિંગલની પ્રક્રિયા ધીમી પડી છે.અને હવે નિંગલ છેક આઠ-આઠ મહિને થઈ રહ્યું છે.જેને કારણે વજનમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે.પહેલા સામાન્ય કેળનો એક લૂમ ૩૦ કિલોગ્રામનો હોય છે,અને વધુ સારી માવજત હોય તો ૩૫ કિલોગ્રામ સુધીની લુમ નીકળે છે.પરંતુ એક બાદ એક કુદરતી મુસીબતને કારણે હવે માંડ ૧૫ - ૧૭ કિલોગ્રામ નું વજન થાય છે.પોતાનો મહામુલો પાક બચાવવા માટે ખેડૂત બે ઘણો ખર્ચ કરતા અચકાતો નથી.આમ છેલ્લે ખોટ અને માત્ર ખોટ સહન કરવાનો વારો આવે છે.તો ખેડૂતોને પડેલી હાડમારીઓ બાદ હવે આવતા વર્ષે કેળાની ખેતી કરશે કે કેમ તેના પર દ્રઢ નિર્ણય કરશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે .

- નરેન્દ્રભાઈ પટેલ (વાવડી ગામ ખેડૂત)

પાલેજ હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે એક ઈસમનું મોત

પાલેજ ને. હાઈવે નંબર ૪૮ પર કરજણ તાલુકાના હલદરવા ગામના પાટીયા અને ફાઉન્ટેન હોટલ વચ્ચે અજાણ્યા વાહનની અડફેટે આવતા એકનું મોત નીપજ્યું હતું.

બનાવની માહિતી અનુસાર નેશનલ હાઈવે ૪૮ પર પાલેજ નજીક આવેલા કરજણ તાલુકાના હલદરવા ગામના પાટીયા અને ફાઉન્ટેન હોટલ વચ્ચે ગતરાત્રીના રોજ કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે, ગફલતભરી રીતે હંકારી એક અજાણ્યા ઈસમને અડફેટે લેતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયું હતું. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી ફરાર વાહન ચાલકને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચની નર્મદા નદી બની સૂકી ભઠ: નર્મદાને લોકો ચાલતા અને ગાડીઓ લઈને પાર કરી રહ્યા છે

ભરૂચ તાલુકાના જૂના તવરાગામે નર્મદા નદી નામશેષ થતાં નર્મદા પ્રેમીઓ સહિત ગ્રામજનોમાં ભારે રોષ ફેલાવા પામ્યો છે. જૂના તવરાની સામા કિનારે આવેલ પોતાના ખેતરે જવા હવે લોકો ટ્રેકટર, બાઈક, ગાડુ તેમજ ચાલતા જવાનું શક્ય બનતા તેમજ નાના બાળકો નદીના ખાબોચીયામાં રમતા નજરે પડતા નર્મદામાં ભરતી અને ઓટ આવવાના કરાણે તેને હજુ પણ જીવંત માની માંની જેમ પુજતા નર્મદા પ્રેમીઓમાં દુખની લાગણી ફેલાવા પામી છે.

સરકારની રાજકીય રમતોમાં બંન્ને કાંઠે વહેતી માં નર્મદા હવે નામશેષ થવાના આરે આવીને ઉભી છે. ભરૂચ તાલુકાના જૂના તવરા ગામે તો નર્મદા નદી નામશેષ થઈ ચૂકી છે. માત્ર પૂનમ અને અમાસના દિવસે આવતી દરયાઈ ભરતીના કારણે નર્મદા નદી હજુ જીવંત હોવાનો એહસાસ લોકોને થાય છે.જૂના તવરા ગામે નાના ભૂલકાઓ પણ તેના નાના ખાબોચિયાઓમાં રમતા અને તેના પાણીમાં છબછબીયા કરતા જોવા મળે છે. એક સમયે જ્યાં નાવડી કે બોટનો ઉપયોગ વગર સામે કિનારે જવાતું ન હતું. ત્યાં આજે ગ્રામજનો દ્વારા પોતાના ટ્રેકટર, રીક્ષા, ગાડું, બાઈક કે પગપાળા (ચાલતા) જતા નજરે પડે છે. માં નર્મદાના સાનિધ્યમાં સાધના કરતા અને આશ્રમો સ્થાપિત કરી રહેતા સંતો મહંતો દ્વારા પણ માં નર્મદામુદ્દે રાજરમત રમતા નેતાઓને તેના માટે જવાબદાર ગણાવી આક્ષેપો કર્યા હતા. શિયાળામાં જો નર્મદાની આટલી દયનીય હાલત હોય તો આગામી ઉનાળામાં તો માત્ર રેતીનો પટ રહી નર્મદા નામશેષ બની જશે તો નવાઈ નહી..?

ઉલ્લેખનીય છે કે, માં નર્મદાના નામે રાજકિય રોટલા શેકતા નેતા શિત નર્મદાને પુનર્જિવિત કરવા મથતી સંસ્થાઓ દ્વારા નર્મદા મુદ્દે આંદોલનો, રજૂઆતો કરાય છે કે પછી મારૂં શું અને મારે શુંની નિતી અપનાવાય છે તે તો આવનારા દિવસો જ બતાવશે કે આવનાર ચૂંટણીઓમાં નર્મદાના નામે વોટ માંગવા નીકળશે.

બિલીમોરાના તાંત્રિક વિરુદ્ધ ચીખલીની પીડિતાનું મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધાયું

બળાત્કારના આરોપી શૈલેષ નાયકા સામે પુરાવા એકત્ર કરતી પોલીસ

સુરત

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાહાકાર મચાવી દેનારા બિલીમોરાના તાંત્રિકના બળાત્કારના કેસમાં વલસાડની એક અપરિણીત પીડિતાએ નવસારી કોર્ટમાં આરોપી શૈલેષ નાયકા વિરુદ્ધ સીઆરપીસી-૧૬૪ મુજબનું નિવેદન નોંધાયું હતું. જોકે, આ ફરિયાદની પીડિતા પણ આગામી દિવસોમાં આરોપી વિરુદ્ધ ૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવાની શક્યતાઓ રહેલી છે. એવું આ ગુનાની તલસ્પર્શી તપાસ કરનારા પીઆઈ રાઠોડે જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, બિલીમોરા ઓરિયા-મોરીયા વિસ્તારમાં તાંત્રિક શૈલેષ નાયકા રહે છે. તે તાંત્રિક વિધિ કરવાના બહાને યુવતિઓને બોલાવી સારૂ થઈ જવાની લાલચ આપી સાપુતારા ખાતેના વૈશાલી ગેસ્ટહાઉસમાં લઈ જઈ મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધતો હતો. ચીખલીની ૨૧ વર્ષની અને બ્યુટીપાર્લરનું કામ કરતી એક યુવતીએ બિલીમોરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ લંપટ બાપુની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. લંપટ બાપુએ જુદી જુદી ત્રણ યુવતીઓ સાથે તેઓની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ત્રણ પૈકીની એક વલસાડની અપરિણીત યુવતિએ બિલિમોરા બળાત્કાર કેસમાં શૈલેષ નાયકા વિરુદ્ધ ૧૬૪ મુજબનું નિવેદન નોંધાવ્યું હતું.

શિક્ષણની ગુણવત્તા સુધારણા અંતર્ગત

સમગ્ર દેશ અને રાજ્યમાં નર્મદા જિલ્લાની નવતર પહેલ કેટલી સફળ થશે...?!



રાજપીપળા : નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનાં મોનીટરીંગની સાથે શિક્ષકોની હાજરી સુનિશ્ચિત કરવાનાં હેતુથી જિલ્લા વિકાસ અધિકારી ડો. જીન્સી વિલીયમનાં હસ્તે સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ નર્મદા જિલ્લામાં ePAN (ઈ-પ્રાયમરી એજ્યુકેશન નર્મદા) એપ તાજેતરમાં લોન્ચ કરીને નવતર પહેલ કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશભરમાંથી ૧૧૫ જેટલા જિલ્લાઓને ઘોષિત કરાયેલા મહાત્વાકાંક્ષી (એસ્પિરેશનલ) જિલ્લામાં સમાવિષ્ટ નર્મદા જિલ્લામાં પણ કેન્દ્રિય નીતિ આયોગનાં પેરામીટર મુજબ શિક્ષણનું સ્તર સુધારવા માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલા જુદા જુદા પ્રયાસો પૈકી સૌથી મહત્વનો ePAN મોબાઈલ એપનો નવતર પ્રયોગ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.ડી. બારીઆ દ્વારા હાથ ધરાયો છે. આ મોબાઈલ એપથી જે તે શાળામાં થતી પ્રવૃત્તિઓની માહિતી જિલ્લાકક્ષા સુધી પહોંચાડવામાં અને જિલ્લામાંથી DPEO કક્ષાએથી અપાતી સુચનાઓ હવે ખુબ જ સરળતાથી પહોંચી શકશે. જેને કારણે શૈક્ષણિક અને વહિવટી કામગીરી સંદર્ભની અનેકવિધ સમસ્યાઓનું નિરાકરણ આવતાં તેની રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પણ નોંધ લેવામાં આવી છે.

આ મોબાઈલ એપમાં તમામ મુખ્ય શિક્ષકોએ પોતાની શાળાના લોકેશન પરથી (શાળા કાર્યાલયમાં બેસીને) પોતાના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી લોગ-ઈન થઈ મુખ્ય શિક્ષકઓએ પોતાની સાથે શાળાના તમામ શિક્ષકોનું રજીસ્ટ્રેશન કરી રોજે રોજ શાળાના લોકેશન પરથી શિક્ષકોની હાજરી ઓનલાઈન આપે છે. શિક્ષક રજા (કોઈ પણ રજા) પર હોય તો ઓન લીવ અને જો અન્ય સરકારી કામગીરી અર્થે શાળા બહાર હોય તો ઓન ડ્યુટીનો વિકલ્પ ઉપલબ્ધ છે તેમજ શાળામાં થયેલ નોંધપાત્ર પ્રવૃત્તિઓની વિગતો / ઉદાહરણરૂપ કામગીરી અને ખૂબ જ ઉપયોગી knowledge croner વિભાગમાં આપી શકાય છે. આ મોબાઈલ એપમાં ઓફિસ ડેસ્કના મેનૂમાં જિલ્લા કચેરી દ્વારા મોકલેલ સૂચનાઓ જોઈ શકાય છે. ડાઉનલોડ મેનૂમાંથી સરકારી પરિપત્રો / ઠરાવો/ ફોર્મ્સ વગેરેની નકલો ઉપયોગ અર્થે કાઢી શકાય છે. DPEO DESK માં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નર્મદા દ્વારા અપાતાં સંદેશા જોઈ શાય છે. આ મોબાઈલ એપથી પોતાનાં પ્રતિભાવો/ સૂચનો/સંદેશો/માહિતી Feedback menu મારફત આપી શકાય છે તેમજ ePAN ના અપડેટેડ વર્ઝન દ્વારા અંતરિયાળ વિસ્તાર કે જ્યાં મોબાઈલ કવરેજની સમસ્યા છે, ત્યાંની શાળા દ્વારા પણ ઓફલાઈન મોડનો ઉપયોગ કરી શિક્ષકોની હાજરી મોકલવામાં આવે છે.

આમ, આ ePAN મોબાઈલ એપને લીધે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ સમયસર ખૂલવાની બાબત સાથે જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ કવરેજ વિના અને મર્યાદિત વાહન વ્યવહારની ઉપલબ્ધિ વચ્ચે પણ નિરીક્ષણ કરવાનું ePAN મોબાઈલ એપથી શક્ય બન્યું છે. ePAN દ્વારા શાળાનાં લોકેશનથી હાજરી આપવાની હોવાથી શિક્ષકોની શાળામાં હાજરી સમય સાથે સુનિશ્ચિત કરી શકાય છે. શાળાનાં મુખ્ય શિક્ષકનાં રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા સ્કુલ લોગ-ઈન થાય છે, જેથી અન્ય કોઈપણ વિગતોની જરૂરિયાત ન હોવાથી મોબાઈલ એપ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

આમ જિલ્લામાં, શિક્ષણની ગુણવત્તા સુધારણા કાર્યક્રમ સાથે આ મોબાઈલ એપને જોડવા માટેની કામગીરીનાં પ્રયાસો હાથ ધરાયેલ છે. ePAN મોબાઈલ એપ GEO લોકેશન આધારિત કામ કરતી હોવાથી હાજરી શાળા પરિસરમાં રહીને જ આપી શકાય છે, જેથી શિક્ષકોની હાજરી શાળામાં જ સુનિશ્ચિત કરી શકાય છે.

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

રાજપીપળામાં બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં કુલ ૧૨ અને અન્ય ૪૦ લોકોના ટોળા વિરુદ્ધ ગુનો દાખલ

પોલીસકર્મી પર હુમલાના બનાવમાં ૧૧ લોકો વિરુદ્ધ ગુનો દાખલ

રાજપીપળા:રાજપીપળામાં ૧૫મી જાન્યુઆરીએ સબજેલ પાસે સાંજે અચાનક કોઈ કારણોસર બે જૂથોના ટોળા સામસામે આવી જઈ પથ્થરમારો અને કાચની બોટલોનો ચાલુ કર્યો હતો.આ ઘટનાને પગલે એ વિસ્તારનું વાતાવરણ તંગ બની ગયું હતું.જોકે તુરંત પોલીસે ત્યાં આવી બળપ્રયોગનો ઉપયોગ કરતા ટોળા પર કાબુ મેળવાયો હતો.આ ઘટના બાદ સમગ્ર રાજપીપળા શહેરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.રાજપીપળા પોલીસે બંન્ને પક્ષે સામસામી ફરિયાદ દાખલ કરી છે,જેમાં કુલ ૧૨ લોકો અને અન્ય ૪૦ ના ટોળા વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.તો બીજી બાજુ પોલીસ કર્મીઓ પર હુમલા કેસમાં ત્રીજી ફરિયાદ પણ પોલીસ તરફથી દાખલ કરાઈ છે.હાલમાં પણ તમામ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે.

રાજપીપળા પોલીસ મથકમાં નોંધાયેલી પ્રથમ ફરિયાદ મુજબ રાજપીપળા સડક ફળિયામાં રહેતી મંજુલા તડવીને પોતાના પુત્ર કુલદીપની વિધવા પત્ની હેમલતાના મહંમદ જમીલ હુસેન શેખ સાથે અનૈતિક સબંધ હોવાની હકીકત જાણવા મળી હતી.બાદ મંજુલાએ મહંમદ જમીલ હુસેન શેખના ઘરમાં તપાસ કરતા ઘરમાંથી હેમલતા અને મહંમદ જમીલ હુસેન શેખ મળી આવ્યા હતા દરમિયાન તેઓ હેમલતાને ઠપકો આપતા હતા ત્યારે મુસ્લિમોના ટોળાએ એમની ઉપર પથ્થર અને કાચની બોટલો વડે હુમલો કર્યો હતો. તો બીજી ફરિયાદ મુજબ રાજપીપળા સબજેલ પાછળ રહેતા ફરીદાબીબી ફિરોજખાન પઠાણ પર હિન્દુઓના ટોળાએ પથ્થરમારો કર્યો હતો અને રીક્ષા ટેમ્પો તેમજ ફોરવહીલ ગાડીને નુકશાન કર્યું હતું.

ત્રીજી ફરિયાદ મુજબ રાજપીપળા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ મુકેશ નટવર વસાવા અન્ય પો.કો ઉદેસિંહ રાજાભાઈ ચૌધરી સાથે પ્રોહીબેશનના આરોપીઓનું રાજપીપળા સિવિલ હોસ્પિટલ પરથી મેડિકલ ચેકઅપ કરાવી પરત આવતા હતા ત્યારે સબજેલ પાસે હિન્દૂ-મુસ્લિમના ટોળાની અથડામણ જોતા તેઓ ટોળાને વિખેરવા ગયા હતા. ત્યારે એ ટોળુ મારક હથિયારો સાથે પોલીસ કર્મીઓ તરફ ધસી આવી પથ્થર અને કાચની બોટલથી એમની પર હુમલો કર્યો હતો.જેમાં પો.કો ઉદેસિંહ ચૌધરીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહીલુવાણ હાલતમાં સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા.

કોની કોની સામે ગુનો દાખલ કરાયો

(૧) ફિરોજ ઈસ્માઈલ ભંગારી (૨)ઈકબાલ ઈસ્માઈલ ભંગારી (૩) ફિરોજ ભંગારીને ત્યા કામ કરતો ફારૂક વાકડીયા વાળ વાળો(૪) જહીર રેતીવાળો (૫) અજ્જુ મરઘીવાળો (૬) આસિફ કાલુ તથા પંદરથી વીસ જેટલા માણસો તમામ (રહે.રાજપીપળા તા.નાંદોદ જી.નર્મદા)

(૧)નિલેષ તડવી(૨)નિલેષના બે ભાઈ(૩)ભોઈ વાડનો સોનુ ભોઈ(૪)લાલો તડવી કે જે કિરીટ પાઉભાજીવાળાના ત્યા કામ કરે છે(૫)રવિ કિરણ તડવી(૬)યોગી કિરણ તથા બીજા પંદરથી વીસ માણસો(તમામ રહે.રાજપીપળા તા.નાંદોદ જી.નર્મદા)

પોલીસ કર્મીઓ પર હુમલાના બનાવમાં સાત લોકો પર ગુનો દાખલ કરાયો

(૧)ફિરોજ ઈસ્માઈલ ભંગારી(૨) યુસુફ ઈસ્માઈલ ભંગારી(૩)ફિરોજ ભંગારીની દુકાને કામ કરતો ફારૂક (૪)ફિરોજ ભંગારીનો ભત્રીજો જહીર (૫)જમીલ ઉર્ફે જીમી શેખ (૬)રવિ કિરણ તડવી (૭)યોગી કિરણ તડવી તમામ (રહે.રાજપીપળા તા.નાંદોદ જી.નર્મદા) તથા બીજા ૩ થી ૪ ઇસમો.

અંકલેશ્વરના તબીબની સગીર પુત્રી સાથે દુષ્કર્મ કરનારને કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી

અંકલેશ્વરમાં રહેતાં તબીબની સગીર પુત્રી સાથે દુષ્કર્મ અચનારા આરોપીને કોર્ટે ૧૦ વર્ષની સજા અને ભોગ બનનારને ૩ લાખનું વળતર ચૂકવાનો હુકમ કર્યો.

અંકલેશ્વર શહેરમાં રહેતા બે સંતાનોના પિતા પ્રકાશ બરાલ નામનો ઈસમ મોબાઈલ રિચાર્જ અને ફોટો સ્ટુડિયો ચલાવતો હતો.તેમના વિસ્તારમાં રહેતાં તબીબ પરિવાર તેના ત્યાંથી મોબાઈલ રિચાર્જ કરાવતા હતાં. જેથી પ્રકાશ સાથે તબીબ પરિવારના સંબંધ કેળવાયો હતો.જેથી અવારનવાર પ્રકાશ તેમના ઘરે આવજાવ કરતો હતો.તબીબના પરિવારની ૧૪ વર્ષની સગીરા જોડે રાખડી બંધાવી પોતાની નાની બહેન બનાવી હતી.પરંતુ સગીરા પર પોતાની ખરાબ દાનત રાખીને બહેન ભાઈના સંબંધને બદનામ કરીને તબીબની સગીરાને પતાવી ફોસલાવી પોતાની હવસનો શિકાર બનાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.અને જો કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ પ્રકાશે અવાર નવાર સગીરા જોડે દુષ્કર્મ આચર્યું હતું.જોકે અમુક સમય પછી સગીરા ગર્ભવતી થઈ જતા તેણે તને ગર્ભપાતની ગોળી ખવડાવી દેતાં સગીરાની તબિયત બગડી હતી.જેના કારણે તબીબ માતાને હકીકતની જાણ થતાં જ તેમના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હોય તેમ લાગ્યું હતું.

જે અંગે તબીબ પરિવાર પ્રકાશને સમજાવા જતા તેણે તેમને ધમકાવી બદનામ કરી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિવારે જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ દાખલ કરતા પોલીસે આરોપીને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જેકેસ ભરૂચની સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પરેશ પંડ્યાની દલીલોને ગ્રાહ્ય રાખીને ન્યાયાધીશ વ્યાસે આરોપીને સગીરા સાથે દુષ્કર્મ કરવા તથા બાળક સાથે જાતીય અત્યાચાર કરવા અંગે દોષિત ઠેરવી ૧૦ વર્ષની સજા તથા ભોગ બનનારને ૩ લાખની રકમ ચુકવવા હુકમ કર્યો છે.

ભરૂચ શહેર કોંગ્રેસે અલભ્ય કચબાઓ બચાવવાની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું

ભરૂચ શહેરના એક માત્ર ઐતિહાસિક ધરોહર ગણાતા રતન તળાવ અને તેમાં રહેલા અલભ્ય કાચબાના મોતનું કારણ બનતી તેની ગંદકી દુર કરી તળાવનો વિકાસ કરવાની માંગ સાથે શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

કોંગ્રેસ આગેવાનોએ પાઠવેલ આવેદનમાં જણાવ્યુ છે કે, શહેરના ઐતિહાસિક રતન તળાવમાં શીડ્યુલ ૧માં આવતા અલભ્ય કાચબા વસવાટ કરે છે. પરંતુ તળાવની જાળવણી ન કરાતા એક બાદ એક અલભ્ય કાચબાઓના મોત નીપજી રહ્યા છે. આ રતન તળાવના વિકાસ માટે તંત્ર દ્વારા રૂપિયા ૨૦ કરોડ ફાળવવાની વાતો પણ કરવામાં આવી હતી. આમ છતાં પણ કોઈજ કામગીરી ન થઈ હોવાના આક્ષેપ સાથે રતન તળાવના વિકાસની માંગ કરવામાં આવી હતી. આવેદન પાઠવવા કલેકટરાલય ખાતે એકત્રીત થયેલ કોંગી અગ્રણીઓમાં શહેર પ્રમુખ વિકી શોખી, સમશાદઅલી સૈયદ, હેમેન્દ્ર કોઠીવાલા સહિત અનેક મહાનુભવોએ ઉપસ્થીત રહી રતન તળાવના ભ્રષ્ટાચાર દુર કરી કાચબાઓના જીવ બચાવી તળાવનો વિકાસ કરવા સુત્રોચ્ચાર પણ કર્યા હતા.

ભરૂચના પ્રસિદ્ધ ધામ કબીરવડના સામે કાંઠે અટવાયેલા ૧૫૦ જેટલા સહેલાણીઓ જીવના જોખમે નદીમાં ચાલ્યા



ભરૂચમાં આવેલું સુપ્રસિદ્ધ યાત્રા ધામ કબીરવડ ખાતે ઉતરાણની રજા માણવા આવેલા સહેલાણીઓ પાસેથી રૂપિયા ઉઘરાવી સામે પાર લઈ ગયા હતા. પુનઃ પાછા લાવવામાં પાણી ઓછું હોવાના કારણે સહેલાણી ઓ એક બીજાના હાથ પકડીને નદી પાર કરી હોવાથી લોકોમાં બોટ સંચાલકો વિરુધ્ધ રોષ ફેલાયોછે.

ભરૂચમાં ત્રણ દિવસના મીની વેકેશનમાં અલગ અલગ શહેરોમાંથી ફરવા આવેલા પ્રવાસીઓ સુપ્રસિદ્ધ યાત્રા ધામ કબીરવડ ખાતે પણ ફરવા આવ્યા હતા. ૧૫૦ જેટલા સહેલાણીઓને પાસેથી બોટ સંચાલકોએ ભાડું ઉઘરાવ્યાં બાદ તેમને સામે પાર કબીરવડ મૂકીને અવવામાં આવ્યા હતા.પરંતુ જ્યારે તેમને પાછા આ બાજુ લાવવાના હતા ત્યારે નદીમાં પાણી ઓછું થઈ જવાના કારણે બોટ જઈ શકે તેમ ન હોવાથી પ્રવાસીઓ અટવાયા હતાં. ચારથી પાંચ કલાકની રાહ જોયા બાદ પ્રવાસીઓએ એક બીજાના હાથ પકડીને ઘૂંટણ જેટલા પાણીમાં મગરના ભય વચ્ચે નદીમાં ચાલીને બોટમાં બેઠા હતાં. જેના કારણે સહેલાણીઓમાં ભયનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.સરકાર પાસે નદીમાં પાણી છોડવાની માંગ સાથે બોટ સંચાલકો સામે પણ રોષ ઠાલવ્યો હતો.

ભરૂચમાં ભાણેજ અને મામાની લડાઈમાં ભાણેજે કરી મામાની હત્યા

ભરૂચના કોલેજ રોડ વિસ્તારમાં મામા અને ભાણેજની લડાઈમાં ભાણેજે મામાને માર મારીને મોત ને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ચકચાર વ્યાપી ગયો હતો.

મળતી માહિતી મુજબ ભરૂચના જે.પી કોલેજ સામે સતનામનગર વિસ્તારમાં રહેતા કચરો વિણનાર નું કામ કરનાર રાજેશ રાણા તેમના પરિવાર સાથે રહેતા હતા.તેમની સાથે તેમની બે બહેનો પણ પોતાના પરિવાર સાથે રહે છે. બહેનના છોકરો નિલેશ ભુરિયા અને તેના માસા શાતું વચ્ચે કચરા વીણવા બાબતે બોલાચાલી થઈ હતી. જે બનેવ ની બોલાચાલી મારામારીમાં પરિણમી હતી.જેમાં નિલેશના મામા રાજેશ રાણા બનેવને છોડાવવા પડતા ઉશ્કેરાયેલા ભાણેજ મામા સાથે પણ મારા મારી ચાલુ કરી દીધી હતી.જેમાં ભાણેજે મામાને છાતીમાં લાત મારીને ગુમાંગના ભાગે પણ લાતો મારીને પાડી દીધો હતો. ત્યાર બાદ ભાણેજે મામાને ગળું દબાવીને મારી નાખવાની કોશિશ પણ કરી હતી.પરંતુ ત્યાર પહેલા તો મામાનું ઘટના સ્થળ પર શરીરમાં કોઈ ગંભીર ઈજાઓના કારણે મોત નીપજયું હતું.હત્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો.

બનાવ સંદર્ભેસી ડીવીઝન પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ગણતરીના કલાકોમાંજ આરોપીને ઝડપી પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.











